# શાશ્વત સંવાદ.

## Eternal dialogue.

જીવન અને મોત

બંને

રચના ને જ આધાર છે.

અશ્વત્થામા માંકડ.

પ્રભુ પરમાત્માને નું વચન.

જગત સદ્રૂપ પણ નથી,

અસદ્રૂપ પણ નથી

તે સદસદ્રૂપ પણ નથી

પરંતુ

અનિર્વચનીય છે.

પવન અને તેની ગતિ એ બંને જેમ અભિન્ન છે, તેમ બ્રહ્મ અને સૃષ્ટિ એ બંને અભિન્ન છે.

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM QUALITY ASSURED

શું તમને પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા છે?
જો તમારો જવાબ ના હોય તો તમે એક સભ્ય, વિકાસ માં માનનારા સમાજ ના ભાગ છો. જ્યાં પ્રશ્નો પૂછાતાં નથી કેવળ આંધળું અનુકરણ થાય છે અથવા તેમ કરવાની ફરજ પડે છે તો તેવા સમાજ નો અંત નક્કી છે.

આજે પણ સનાતન ધર્મ જીવંત છે કારણ કે પ્રશ્ન કરવા તે સનાતન ધર્મ નો આત્મા છે. ફક્ત છે. પછી તે પ્રશ્ન અર્જુન પૂછે રાજા જનક, શ્રીરામ, યા અન્ય કોઈ પણ. ઋષિ વિદ્યાલય માં શિષ્યો નાં પ્રશ્નો તેનાં ઉત્તર કરતાં વધુ મહત્વનાં હતાં. કારણ કે પ્રશ્નો વડે તે સમાજ નાં સ્તર અને વિકાસશીલપણા નો ક્યાસ કાઢી શકાય. સનાતન ધર્મ માં તો સંવાદો અને શાસ્ત્રાર્થ ની એક પરંપરા ચાલુ છે. એના વડે યોગ્ય જ્ઞાન સંશોધિત થતું થતું આગળની પેઢી માં ઉતરે છે અને જે અયોગ્ય, સમયોચિત ન રહેલાં તેનો આગળ પ્રસાર બંધ થઈ જાય છે.

www.qatm.com

part of VERDER scientific

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM QUALITY ASSURED



આજે તમને એક સંવાદ ની વાત કરું ? તે સંવાદ સ્થળ, કાળ પર પર છે. એટલે જ એ ચિરંતન છે. આજે પણ તે એટલો જ relevant છે. ખરેખર તો ભૌતિક અને ઉપભોક્તાવાદ માંથી પસાર થતાં આધુનિક ભારતમાં તે વધુ આવશ્યક છે કે પ્રત્યેક આ સંવાદ તેનો હેતુ તેનો કોઈ સમજે અને તજ્ઞાનયુક્ત તંદુરસ્ત જીવનશૈલી ફરી અપનાવે.

વાત એ છે કે ઋષિ યાજ્ઞવલ્ક્ય જેમની બે પત્નીઓ કાત્યાયની અને મૈત્રેયી સાથે ઋષિ દાંપત્ય ગાળતા હતા. એક સમયે તેઓને સંસાર વૈરાગ્ય થવાથી તેમજ આત્માનુસંધાન માં જ રહેવાની તત્પરતા ઉભી થવાથી તેમણે બંને પત્નીઓને બોલાવી આ બાબતે રજુઆત કરી વધુમાં તેઓએ જણાવ્યું કે તે પોતાની સંપત્તિનાં બે ભાગ કરી બંનેને આપી દેશે.

કાત્યાયની ના ~~રુજુ~~ રાજી ગૃહકાર્ય, ગૃહસ્થામાં વધુ રહેતા જ્યારે મૈત્રેયી વિદુષી બ્રહ્મવાદિની હતી. તેમણે એ પ્રતિપ્રશ્ન કર્યો કે જે ધન તેઓ આપીને જશે શું તે ~~તમ~~ તેને અમરતા આપશે? ત્યારે ઋષિએ જણાવ્યું કે ધન થી તમે અમરતા પ્રાપ્ત ન કરી શકો પરંતુ જીવન સુખમય વ્યતિત થઈ શકે. ત્યાં મૈત્રેયીજી એ કહ્યું જે વસ્તુ થી હું અમર ન થઉં તેવી વસ્તુ મારા માટે તદ્દન નકામી છે. તો આપ મને એવી વસ્તુ આપો જેનો વડે હું અમરતાને પ્રાપ્ત કરું. આપ તમામ ધન કાત્યાયનીને આપી દો. મને તો કેવળ ~~ક~~ અમર થવાની વિદ્યા શીખવો.

આથી ઋષિ યાજ્ઞવલ્ક્ય ગંભીર થઈ ગયા પરંતુ

www.qatm.com

part of VERDER scientific

મનોમન પ્રસન્ન પણ થયા અને કહ્યું 'કે મૈત્રેયી, દાન વડે કોઇ અમરતા પ્રાપ્ત ન કરી શકે પરંતુ હું અમરતા પ્રાપ્ત કરવાના સાધન વિશે જરૂર જણાવીશ.

આમ ત્યાર બાદ તેઓ એ મૈત્રેયીને વૈરાગ્ય ધારણ કરવા માટે ઉપદેશ કરે છે. પરંતુ ખરી જેમના સ્વયં બે પત્નીઓ હોય તે કેવી રીતે વૈરાગ્ય ધારણ કરવું ઉપદેશ આપે! આથી મહર્ષિજી એ વૈરાગ્ય ધારણ કરવાનું જણાવતા પ્રથમ પ્રેમ પર જ ઉપદેશ આપે છે.

પ્રેમ શું છે? ~~મહર્ષિના અનુસાર~~ નિસ્વાર્થ, મૈત્રી, એકબીજાનાં સુખ માટે પ્રયત્નશીલ રહી જીવવું! મહર્ષિ તેનાં બદલે અનેક ઉદાહરણ આપીને તેને સમજાવે છે કે 'જે સ્વયંને પ્રેમ કરે છે એટલે જ તે પત્નીને પ્રેમ કરે છે. પત્નીને પતિ પર પ્રેમ નથી હોતો તે સ્વયંને પ્રેમ કરે છે આથી તે પતિને પ્રેમ કરે છે. કોઇપણ પ્રાણી બીજાં અન્ય પ્રાણીને એટલે પ્રેમ એટલે નથી કરતાં કારણકે તે તેને ચાહે છે. એક પિતા પુત્રને પ્રેમ એટલે કરે છે કારણકે તે સ્વયંને ચાહે છે. આ અત્યંત ગૂઢ વાત છે. તેને બરાબર વિચારી જુઓ. તો તેનું સત્ય તમને લાધશે. ખરી જ વાત સ્વયંના થાય છે તે આત્માની વાત છે. જ્યારે આપણે આત્માને પ્રેમ કરીએ છીએ તો તે આત્મા તો બધામાં એક જ હોવાને લીધે આપણે અન્યમાં પણ તે જ આત્મા હોવાને કારણે તેને પ્રેમ કરીએ છીએ. ખરી આત્માની સર્વવ્યાપકતાને સમજી શકીએ છીએ!

સર્વમાં એક જ આત્મા હોવાથી જ આપણે અન્યને પણ આત્મન, આત્મીય હોવાથી તેને પ્રેમ કરીએ છીએ. એક રીતે આપણે સ્વયંને જ પ્રેમ કરીએ છીએ. આજે આને જ Self Love - સ્વયંપ્રેમ કહીએ છીએ. આપણે જ્યારે કોઈ વસ્તુ આપીએ ત્યારે આપણા મનને સ્વયં ઉપર રાખીને જ અન્યને પ્રેમ થકી તે વસ્તુ આપીએ છીએ તેનાથી આપણને સુખની અનુભૂતિ થાય છે.

આજે ઘણાં સબંધ વિષયક શિક્ષાગુરુઓ Life Relation Coaches Self Loveની વાતો કરે છે તે આ વાત સમજાવવાનો પ્રયત્ન કરે છે જે વાત મહર્ષિ એ સદીઓ પહેલાં કહી છે. તેઓએ આગળ જણાવ્યું કે ~~સ~~ સર્વકોઈ આત્મામાં જ છે. જો આ વાત પર તમે વિચારશો, ચિંતન, મનન કરશો તો તમને આત્મજ્ઞાન ઉપજશે જેનાં પરિણામે તમે અમરતાને પ્રાપ્ત કરી લેશો.

આમ જે કોઈ અમૃત - અમરતા પ્રાપ્ત કરવા માંગે છે તેઓએ સ્વયં આત્મ-જ્ઞાન તરફ આગળ વધવું જ પડશે. જે ક્ષત્રિય આત્માનો અનુભવ કરતાં નથી તે પોતાનાં ધર્મ થી અલગ થઈ જાય છે. જ્યારે કોઈ બ્રાહ્મણ આત્માનો અનુભવ ન કરે, આત્માને પ્રત્યેક માં ન જુએ તો તેનું બ્રાહ્મણત્વ જતું રહે છે. જે ક્ષત્રિય હરેક વસ્તુ માં આત્માને અનુભવે ના પછી તેનું ક્ષત્રિયત્વ તેને ત્યાગ દે છે.

આમ મહર્ષિ એ જે પ્રેમ પર ઉપદેશ આપ્યો છે તે જો સમજાય તો એનો અર્થ એવો નિકળે છે કે આપણે આ સંસાર માં, જગત માં જે કાંઇ જોઈએ છે ચાહે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર કે દેવતા હોય કે અન્ય જીવો કે પ્રાણ હોય, જેટલા પણ વિવિધતા દેખાયે છીએ તે સર્વ કાંઇ આત્મા માં જ છે. તે આત્માથી ભિન્ન નથી. તેથી આ આત્મ જ્ઞાન ને જ લક્ષ્ય બનાવવો જોઈએ જો તમે અમરતા પ્રાપ્ત કરવા ચાહો છો.

હવે, આ આત્મતત્વ ને કેવી રીતે ઓળખવું? તેને કેવી રીતે અનુભવવો? આ માટે મહર્ષિ એ છ દૃષ્ટાંત આપ્યા તેને સમજીએ.

જે નગારું વગાડે છે તેમાં જે નાદ છે તેને જો આપણે પકડીએ, નિયંત્રણ માં લઈએ તો નગારા માંથી નિકળનાર અવાજ ને પણ નિયંત્રિત કરી શકાય છે. આમ આત્માના બાહ્ય ના વસ્તુ પર નિયંત્રણ કરીને આત્મા સુધી પહોંચી શકાય છે. આત્માના સમાન ઇન્દ્રિયો છે. તેથી જો ઇન્દ્રિયો ને નિયંત્રણ માં લો તો આત્માને સમજી શકશો.

અન્ય ઉદાહરણમાં તેઓ કહે છે કે ' જો કોઈ વ્યક્તિ હોય જેણે ક્યારેય શંખ જોયો ન હોય, તેના વિશે સાંભળ્યું ન હોય તે જ્યારે શંખનાદ સાંભળે તો તે સમજી કે ઓળખી નહીં શકે કે આ શંખ

નો રિવાજ છે. તેજ પ્રમાણે જે આત્મા વિષે જાણતો ન હોય, તેણે આત્મા વિષે પણ કોઈ જ્ઞાન ન હોય તો પછી તે કેટલા પણ ગ્રંથો નો વાંચન ને ગ્રંથ માં લખેલુ સમજી લે તો પણ તે આત્માનો અનુભવ કરી શકતો નથી. પરંતુ ~~જ્યારે~~ જેમ વ્યક્તિ શંખ નો વગાડનાર અને શંખ ને જોઈ લે તો તેના સમજ માં આવી જાય છે કે જે ધ્વનિ નિકળતો હતો તે શંખ માંથી જ નીકળતો હતો તેજ રીતે ~~જે~~ જ્યારે વ્યક્તિ ઇન્દ્રિયો ને જોઈ જાણી ને સમજી જાય કે આ ઇન્દ્રિયો કેવી રીતે કાર્ય કરે છે ત્યારે તે આત્મા ને તેના સાચા પરિપેક્ષ માં સમજી જાય છે.

છ ઉદાહરણો માંથી પહેલા ત્રણ માં તેમણે ઇન્દ્રિયો ને વશ માં કરવાનું જ જણાવેલું છે. ત્રીજા ઉદાહરણ માં વાજા ~~ક~~ વાદન વિષે જણાવ્યું કે વાજા થી અલગ અલગ ધ્વનિઓ નીકળતા હોય છે પરંતુ જો કોઈએ વાજા ક્યારેય પણ જોઈ જ ન હોય કે તેના વિષે સાંભળ્યુ ન હોય તો તેને લાગશે કે અલગ અલગ ધ્વનિ અલગ અલગ યંત્રો માંથી નીકળે છે તેજ પ્રમાણે જે આત્મા ને જાણતો ન હોય, તે કેટલાય અલગ અલગ ઉપદેશ સાંભળે પછી તેને લાગશે કે આત્મા અલગ અલગ સાજ છે જ્યારે આત્મા તો એકજ છે. આ વાત તેને એજ રીતે સમજાય જ્યારે દા.ત. તે વ્યક્તિ વાજા ને જોઈ લે અને પછી તેમાંથી નિકળનાર અલગ અલગ ધ્વનિઓ ને સાંભળે ને પછી તે કહે કે આ તમામ ધ્વનિઓ આ વાજા માંથી નીકળે છે. એજ રીતે જ્યારે એક વ્યક્તિ બધા ઇન્દ્રિયો ને સમજી લે ત્યારે તેના સમજ માં આવે છે કે બધા ઇન્દ્રિયો એક જ આત્મા તરફ લઈ જાય છે. તેથી જો આપણે ઇન્દ્રિયો ને વશ માં, નિયંત્રણ માં કરી લઈએ તો આત્મતત્વ સુધી પહોંચી શકાય. ઇન્દ્રિયો જ આત્મા સુધી પહોંચવાના સાધન છે, એમ મહર્ષિએ જણાવ્યું. હવે આત્મા ના મહત્વને સમજાવતાં આગળ કહ્યું" જેમ ભીના લાકડાં ને સળગાવતાં અલગ અલગ રીતે ધુમાડો થાય છે, ચિનગારીઓ ભડકે છે તેજ પ્રમાણે આત્મા જ્યારે જીવ બને છે ત્યારે તેના શ્વાસ વડે જ વેદ, વેદાંત, ઇતિહાસ, પુરાણ, શ્લોક, મંત્ર, સૂત્ર વગેરે ઉત્પન્ન થાય છે. ત્યારબાદ તેઓએ પાંચમા દૃષ્ટાંત

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED



માં આત્માના મહત્વ પર ભાર આપીને સમજાવ્યું કે પૃથ્વી પરનું તમામ પાણી. તમામ જળસ્ત્રોતોનું જળ એક સમયે સમુદ્રમાં જઈને એકત્ર થાય છે તેમ આ વિશ્વનાં તમામ રૂપો જે તમારા નેત્રમાં વસે છે, જેટલા પણ ગંધ દુનિયામાં હોય અલગ અલગ તે નાકમાં વસે છે, તમામ પ્રકારના અવાજ કાનમાં જ વસે છે. તેમ તમામ પ્રાણીઓનો નિવાસસ્થાન આત્મામાં છે.

હવે આ આત્મા આપણને સહજ ઉપલબ્ધ કેમ નથી? તે કેમ દેખાતા થી સમજાતો, અનુભવાતો નથી? તેના વિશે ઋષિ ઉદાહરણમાં કહે છે 'જે રીતે મીઠું પાણીમાં ઓગળી જાય છે, સંપૂર્ણ વિલીન થઈ જાય છે તે પછી તે આપણને દેખાતું નથી. આપણે તો એવું પણ કહી શકતાં નથી કે મીઠું પાણીનાં કયા ભાગમાં છે. કારણ કે પાણી ભલે ગમે ત્યાં થી લો તેમાં મીઠાનો સ્વાદ આવે છે. તે જ પ્રમાણે આ આત્મા જે છે તે આ પાંચ તત્વોમાં, પાંચ તત્વોથી બનેલા તમામ વસ્તુઓમાં વિલીન છે. કારણ કે આપણું શરીર પણ પાંચ તત્વોથી બનેલું છે. તેથી આપણાં શરીરમાં પણ તે પાણીમાં રહેલા મીઠાની જેમ વિલીન થયેલું છે. પરંતુ જ્યારે આપણું શરીર નષ્ટ થાય ન રહે ત્યારે પણ આત્મા રહી જાય છે. જેમ માનો કે પાણી વરાળ બનીને ઉડી જાય તો પાછળ મીઠું રહી જાય તેમ કેવળ આત્મા રહી જાય છે તેનું કોઈ નામ હોતું નથી. કોઈ ગુણ રહેતાં નથી.

અહીં મૈત્રેયીજી થોડાં મુંઝાય છે ભ્રમમાં પડે છે કે જ્યારે કેવળ આત્મા બચે છે ~~જેની~~ જેનું કોઈ નામ કે ગુણ રહેતું નથી તો તે પોતાનો પ્રશ્ન યાજ્ઞવલ્ક્યજીને પૂછે છે. ત્યારે મહર્ષિજી તેને સમજાવ્યું. 'આત્મા જ દ્રશ્ય છે અને આત્મા દ્રષ્ટા પણ છે. તો જ્યારે દ્રશ્ય અને દ્રષ્ટા બે સામે દેખાય તેને દ્વૈત ભાવ કહે છે. જ્યારે અદ્વૈતભાવ હોય ત્યાં સુધી કોઈ દ્રશ્ય હોય છે તથા તેને જોનારો

www.qatm.com

part of VERDER scientific

દ્રષ્ટા હોય છે. જ્યાં સુધી કોઈ ગંધ હોય ત્યાં તેનો સૂંઘનારો પણ હોય છે. કોઈ અવાજ હોય છે તેને સાંભળી શકે તેવો શ્રોતા હોય છે. આ દ્વૈત ભાવમાં જ પ્રાણીઓ એકબીજા સાથે વાર્તાલાપ કરે છે. દ્વૈત ભાવ વડે જ વ્યક્તિઓ એકબીજા સાથે વ્યવહાર પણ કરી શકે છે. પરંતુ જ્યારે દ્વૈત ભાવ ખતમ થઈ જાય, શરીર નષ્ટ થઈ જાય ત્યારે આત્મા જ બચે છે. અદ્વૈત ભાવ આવે છે. બધું એક જ થઈ જાય છે. દ્રષ્ટા અને દૃશ્ય એક થઈ જાય છે. ગંધ અને ગંધને સૂંઘનારી નાસિકા એક થઈ જાય છે. ધ્વનિ અને કાન એક થઈ જાય છે. વિવિધતા પણ સમાપ્ત થઈને એક જ થઈ જાય છે. જ્યારે બે, દ્વૈત રહેતું જ નથી તો કશાનો ભોગ કેવી રીતે કોણ કરશે? અર્થાત ત્યાં નાં દૃશ્ય બચે છે ના દ્રષ્ટા, આ સ્થિતિ માં આત્મા પાસે જાણવા લાયક અન્ય કોઈ રહી જતું નથી. ત્યારે તે સ્વયં જ્ઞાન થઈ જાય છે એટલે કે આત્માનું કોઈ નામ, હોતું નથી તથા તે ગુણરહિત થઈ જાય છે.

આમ જો તમે ઈન્દ્રિય નિયંત્રણ કરી લેશો ત્યારે તમને આત્મજ્ઞાન થઈ જ જશે. તમે અમરતા પ્રાપ્ત કરી લેશો.

આ ઉપદેશ બાદ મહર્ષિ એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી અમરતાના પંથે અગ્રેસર થયા.

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

આપણને કેમ જન્મ્યા? કોણે આપણું સર્જન કર્યું? શું આપણો સર્જક આ બ્રહ્માંડ માં છે કે તેની પાર? આ બ્રહ્માંડ ની પાર શું છે? આ બ્રહ્મલોક ક્યાં આવ્યો? આ બ્રહ્માંડ માં દેવો ક્યાં રહે છે? આવા અનેક વિચારો ઉદ્ભવતા હોય છે. જેમાં કેટલાક જિજ્ઞાસુઓ હોય છે. કેટલાક આવા પ્રશ્નોનાં ઉત્તર મળતાં હોવાનો દાવો કર્યા કરતાં હોય છે. આને લીધે શાસ્ત્રાર્થ ભારતીય સનાતન ના ઇતિહાસ માં સમયે સમયે થતાં આવ્યા હતા. જેનાં વડે અંતિમ સત્ય સુધી પહોંચી શકાય. આવા એક શાસ્ત્રાર્થ ની આજે વાત કરું છું.

આવો શાસ્ત્રાર્થ વિદુષી ગાર્ગી અને ઋષિ યાજ્ઞવલ્ક્ય વચ્ચે થયો હતો જેમાં વિદુષી ગાર્ગી નાં બે પ્રશ્નોએ સમગ્ર સભાને ચોંકાવી દીધા હતા. જેના જવાબો આવનારી પેઢીનાં વિદ્વાનો માટે નવું જિજ્ઞાસુપણ કર્યું છે.

બૃહદારણ્યક ઉપનિષદ માં તેની ચર્ચા કરવામાં આવી છે. તેમાં ત્રીજા અધ્યાય માં રાજા જનક નો ઉલ્લેખ છે. જેણે એક મહાન યજ્ઞનું આયોજન કર્યું હતું જેમાં કુરુ અને પાંચાલ તેમજ અન્ય મહાન બ્રાહ્મણો ઉપસ્થિત હતાં. રાજા જનક ને જાણવું હતું કે આ વિશાળ સમુદાય માં કોણ સૌથી જ્ઞાની છે. આથી તેમણે 1000 ગાયો નાં શિંગડાં માં 10 સોનામહોરો બાંધી, શણગારી ને તૈયાર કરાવી અને જાહેરાત કરી કે "આ સમુદાય માં જે સૌથી વધુ જ્ઞાની હોય તે આ ગાયો લઇ જઇ શકે છે." આ સભા માં એક થી એક ચઢિયાતા જ્ઞાનીઓ હતાં પરંતુ ઘણા સમય સુધી કોઇ આગળ આવી ને ગાયો પર અધિકાર ન મેળવ્યો કારણ કે જેમનાર પણ

www.qatm.com

part of VERDER scientific

સૌથી મહાન જ્ઞાની હોવાનો દાવો કરવાની હિંમત ન ચાલી. થોડા સમય બાદ મહર્ષિ યાજ્ઞવલ્ક્ય આગળ આવ્યા અને તેમનાં શિષ્યો ને પોતાનાં આશ્રમ માં લઇ જવાની આજ્ઞા આપી. અહીં તમામ બ્રાહ્મણો ખૂબ ગુસ્સે ભરાયા અને તેમણે વિચાર્યું કે ~~યાજ્ઞવલ્ક્ય~~ યાજ્ઞવલ્ક્ય એ પરમ અહંકારી છે જે માને છે કે તે જ સૌથી વધુ જ્ઞાની છે. તેથી શાસ્ત્રાર્થ શરૂ થયા અને દરેક બ્રાહ્મણે તેમને પડકારી પ્રશ્નો પૂછ્યા જેનાં યાજ્ઞવલ્ક્યે સચોટ જવાબો આપ્યા અને તેઓ વિજેતા બન્યા.

ત્યારબાદ વિદુષી ગાર્ગીએ શાસ્ત્રાર્થ શરૂ કર્યો. ગાર્ગીનું નામ તેનાં ગર્ગ ગોત્ર પરથી પાડવામાં આવ્યું હતું. તે મહર્ષિ વાચક્નુ નાં પુત્રી હોવાથી તે વાચક્નવી ગાર્ગી કહેવાતા હતાં. તેમણે જે પ્રથમ પ્રશ્ન પૂછ્યો કે "જેમ પૃથ્વી જલ થી ઓતપ્રોત છે તો જલ શેનાથી ઓતપ્રોત છે? અહીં તત્વોની વાત કરવામાં આવી છે. હવે જે ઇન્દ્રિયોથી અનુભવાતાં તત્વ છે તે સ્થૂલ તત્વ તેનાંથી સૂક્ષ્મ તત્વ માંથી આવે છે. આમ પૃથ્વીતત્વ જલતત્વ માંથી આવેલ છે તો જલ તત્વ શેમાંથી આવે છે?

કોઇપણ ગ્રહ હોય તો તેમાં આપણે પ્રથમ શું શોધીએ છીએ? જલ કારણ જલ હી જીવન હૈ. જીવન હોવા માટે જલ તત્વ હોવું જરૂરી છે. તેમાં જલનાં કણો છે કે નહીં? આમ જલ કોઇપણ ગ્રહને પૃથ્વી એટલે કે રહેવા લાયક બનાવે છે. આમ આપણી આ પૃથ્વી પણ જલ માંથી અસ્તિત્વ માં આવેલ છે. જો આપણી પૃથ્વીપર જલ ન હોત તો જીવન ની કલ્પના પણ અશક્ય બની જાય.

અહીં યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો કે જલ વાયુતત્વ માંથી આવે છે. વિજ્ઞાન ની દ્રષ્ટિએ જોઇએ તો વાયુ જ જલને ગ્રહણ કરે છે જેને આપણે ભેજ, ~~ક~~ મોઇશ્ચર કહીએ છીએ. આ વાયુ ધીરેધીરે જલ ગ્રહણ કરે છે તેમ ભેજ વધતો જઇ છેવટે વાદળો માં પરિણમે છે. અને ઠંડક વધતા વધતાં આ વાદળો છેવટે જલસ્ત્રાવ - વરસાદ માં પરિણમે છે. આમ તેમણે આ પ્રેક્ટિકલ જલ વાયુતત્વ થી ઓતપ્રોત છે પ્રમાણિત છે. અહીં ગાર્ગીજી ફરી પૂછે છે કે 'જો જલ વાયુતત્વ થી ઓતપ્રોત છે તો પછી વાયુતત્વ શેનાથી ઓતપ્રોત છે?' જેના જવાબમાં યાજ્ઞવલ્ક્યે જણાવ્યું કે વાયુ અંતરિક્ષ થી આવે છે એટલે કે વાયુતત્વ અંતરિક્ષ થી ઓતપ્રોત છે. અહીં વાયુ ભલે આપણને દેખાતી નથી પરંતુ તેનો અનુભવ પવન; ગતિશીલ વાયુ રૂપે

આપણને આવે છે. તો પછી વાયુ શેમાંથી આવે છે? તેને અવકાશ ની જરૂર પડે. અવકાશ વગર વાયુનું અસ્તિત્વ કેવી રીતે શક્ય બને. વાસ્તવ માં દરેક તત્વ ને રહેવા, હોવા માટે અંતરીક્ષ ની જરૂર પડે. તો જવાબ મળ્યો કે વાયુ અંતરિક્ષ વડે ઓતપ્રોત છે.

ગાર્ગીજી એ ફરી પુછ્યું કે અંતરિક્ષ શેનાથી ઓતપ્રોત છે? જવાબ - ગંધર્વલોક

ગંધર્વલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ આદિત્યલોક

આદિત્યલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ ચંદ્રલોક

ચંદ્રલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ નક્ષત્રલોક

નક્ષત્રલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ દેવલોક

દેવલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ ઇન્દ્રલોક

ઇન્દ્રલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ પ્રજાપતિલોક

અંતે પ્રજાપતિલોક શેનાથી ઓતપ્રોત છે? જવાબ બ્રહ્મલોક.

અહીં ગાર્ગીજી કશું ન કરતાં જવાબ મળતાં તેઓ જ પ્રતિપ્રશ્ન બનાવીને પુછ્યા કરતા હતાં. આમ કરતાં વાત જ્યારે બ્રહ્મલોક સુધી પહોંચી ત્યાં તેમણે પુછ્યું બ્રહ્મલોક શેનાથી ઓતપ્રોત છે? ત્યાં યાજ્ઞવલ્ક્યજી ક્રોધિત થયા. અહીં વાત જ્યારે તત્વ ની વાત ચાલે છે તો ~~સુક્ષ્~~ સ્થૂળ તત્વ થી સુક્ષ્મ તત્વ ની તરફ નિર્દેશ કરાયો જેમ કે પૃથ્વી જળ માંથી જળ વાયુમાંથી વાયુ અંતરિક્ષ માંથી આવવા ની વાત કરતાં જ્યારે બ્રહ્મલોક સુધી આવ્યા જેમાં તેમણે પુછી કાઢ્યું કે બ્રહ્મલોક શેનાથી ઓતપ્રોત છે? ત્યારે યાજ્ઞવલ્ક્યજી ભડકી ઉઠ્યા અને કહ્યું કે આમ ન કરો આમ ન કરવાથી તમારું મસ્તક ફાટી પડશે.
ત્યાં ગાર્ગી જે મહાન દાર્શનિક હતી તેને પોતાની ભૂલ સમજ

માં આવી ગઇ કે તે અતિપ્રશ્ન કરી બેઠી છે. કારણ કે તે ભગવાન જે હતા કે બ્રહ્મલોક એ સુક્ષ્મતાના ચૈતન્ય મહાસાગરની વાત છે. જે સ્વયં અંતિમ સત્તા છે. આથી તે શાંત થઇ ગઇ. પ્રથમ સંવાદ અહીં સમાપ્ત થયો.

ત્યારબાદ યાજ્ઞવલ્ક્યજી એ અન્ય બ્રાહ્મણો સાથે શાસ્ત્રાર્થ કર્યો પરંતુ ગાર્ગી વિશ્વાસમય શાંત રહીને અન્ય તક ના રાહ જોઇને બીજા શાસ્ત્રાર્થ ના તૈયારી માં લાગી ગયાં. આગળ બીજા સંવાદમાં તેમણે કેવળ બે પ્રશ્નો પુછ્યાં આ બે પ્રશ્નો એટલાં ગુઢ છે કે જો તે આપણા સમજ માં આવે તો આપણે પરબ્રહ્મ ને સમજી શકીએ.

આ વખતે તેમણે ઘોષણા કરી દીધી કે તેઓ માત્ર બે પ્રશ્નો પુછશે અને જો તેનાં ઉત્તર યાજ્ઞવલ્ક્યજી આપી શકશે તો પછી આ પૃથ્વી પર તેમને કોઇ હરાવી નહીં શકે.

તેમનો પ્રથમ પ્રશ્ન હતો કે આ પૃથ્વી થી નીચે થી કોઇ સુક્ષ્મ તત્વ હોય તે તથાં ત્યાંથી શરૂ કરી બ્રહ્મલોક અને તેના પણ આગળ જો કોઇ હોય તે ઉપરાંત ત્રણ કાળને પણ સાથે ગણી લેતાં જે સર્વ છે તે શેમાં ઓતપ્રોત છે? (અહીં તેમણે સંપુર્ણ space-time ગણી લીધાં)

યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો કે "સર્વ કાંઇ જે છે. (space_time) તે સુત્ર માં ઓતપ્રોત છે. અને તે સુત્ર છે તે આકાશ તત્વ માં ઓતપ્રોત છે."

અર્થાત્ જે અંતરીક્ષ તત્વની વાત કરી તે આ આકાશ તત્વ સામે અત્યંત સ્થુળ કહેવાય. ત્યાં પણ તે અવિનાશી, અવિભાજ્ય અને અનંત છે. તો પછી તેનાં સુક્ષ્મતમ સ્તરે આકાશ તત્વ કેવું હોય તેની કલ્પના પણ કરી શકાતી નથી.

જ્યારે આપણે પાંચ તત્વોની વાત કરીએ તો તેમાંથી ચાર પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આ ચારે આપસ માં એકબીજાનું રૂપ બદલી શકે છે. અન્યને પ્રભાવિત કરી શકે છે. જેમ વાયુ અગ્નિ બુઝાવી શકે છે કે પ્રગટાવી શકે છે. જલ પણ અગ્નિ બુઝાવી શકે છે. જલ માં વાયુ પ્રવેશી શકે છે. આમ આ ચારે એકબીજાને અસર કરે છે.

આ બધા માં પાછળ એક જ તત્વ એવું છે જે તદ્દન પ્રભાવહિન રહી સર્વ કંઈ નો સમાવેશ પોતાનાં માં કરે છે. તો અંતરીક્ષ તત્વ નાં અંતિમ છેડે રહેલું આકાશ તત્વ કેવું હશે? અહીં ગાર્ગીજીને તેમનો જવાબ મળી ગયો કે ટાઈમ અને સ્પેસ નાં કોઈ પણ આયામ માં રહેલું સર્વકાંઈ આકાશ તત્વ માં જ ઓતપ્રોત છે. ત્યાં ગાર્ગીજી એ ફરી પ્રતિપ્રશ્ન કર્યો કે જો આ આકાશ તત્વ ને કાર્ય માન એ તો તેનું હોવાનું કારણ શું હશે? આ ગાર્ગીજી નો અંતિમ પ્રશ્ન હતો જેના જવાબ માં યાજ્ઞવલ્ક્યજી એ જણાવ્યું કે આ અંતિમ આકાશ તત્વ છે તે બ્રહ્મવેતા અક્ષર તત્વમાં સમાવિષ્ટ છે. તે અક્ષર તત્વથી ઓતપ્રોત છે.

અહીં યાજ્ઞવલ્ક્યજી એ ગાર્ગીજી ને સમજાવ્યું કે આ અક્ષર તત્વ મોટું નથી, નાનું નથી, જાડું-પાતળું નથી તે દ્રવ્ય નથી, પ્રવાહી નથી, વાયુ નથી, નથી એ આકાશ. તો એ આકાશ થી પણ પર છે. અને તે ના તો કશું ખાય છે ના કોઈ તેને ખાય છે અર્થાત તે ઉર્જા માટે કોઈ પર આશ્રિત નથી અને કોઈ તેના તત્વ અક્ષર પર ઉર્જા માટે આશ્રિત છે. આ અક્ષર ની અંતર્ગત સમગ્ર બ્રહ્માંડ એક ચોક્કસ નિયમ હેઠળ રહેલું છે. આ બ્રહ્માંડ નાં નિયમ આ અક્ષર દ્વારા જ નિયમન માં છે. તે જ નક્કી કરે છે કે આ બ્રહ્માંડ આમ ચાલશે. તો જે આકાશ તત્વ ની વાત કરી તે પણ કેવું હોય તે કેવી રીતે કાર્ય કરશે તે આ અક્ષર જ નક્કી કરે છે. અહીં તેઓ કહે છે કે આ અક્ષર તત્વ ને જાણ્યા વગર જે યજ્ઞ, તપસ્યા વગેરે કરે તેને કોઈ લાભ મળતો નથી. જે કોઈ આ અક્ષર

તત્વને જાણ્યા વગર જ મૃત્યુ પામે તે દરિદ્ર કહેવાય. કોઇ બ્રાહ્મણ ત્યાં સુધી બ્રાહ્મણ ન ગણાય જ્યાં સુધી તે આ અક્ષર તત્વને જાણતા ન લે. તેને વધુ સમજાવતાં કહ્યું કે આ અક્ષર તત્વ એ દ્રષ્ટિનો વિષય નથી તે દ્રશ્ય નથી. તે દર્શક છે. જોનારો છે. તમે આંખો વડે જુઓ છો. પરંતુ તમારી આંખો આ અક્ષર તત્વ વડે જુએ છે. કાન થી સાંભળો છો તો કાન પણ આ અક્ષર તત્વ વડે સાંભળી શકે છે. તે સાંભળવાની વસ્તુ નથી ખુદ બોલે છે. તે કશાનું કાર્ય નથી કેવળ કારણ જ છે. તેથી જ આકાશતત્વ છે તે અક્ષરરૂપ બ્રહ્મમાં ઓતપ્રોત છે. તે જ ૐ છે. આથી ત્રિકાળમાં કે કાળાતીતમાં સર્વ કોઇ જાણવાનું, જાણી શકાય તે સર્વ આ ૐ માં જ સમાવિષ્ટ છે તેથી જ કહે છે

"ૐ ઇતિ એતદ્"

"ઓમિત્યેતદક્ષરમિદં સર્વમ્" । તે જ સર્વ કાંઇ છે. આ વિવેચન થી ગાર્ગીજી સંતુષ્ટ થયા અને ભરી સભામાં ઘોષણા કરી કે "બ્રહ્મ સંબંધી વાર્તાલાપ માં મહર્ષિ યાજ્ઞવલ્કયજી ને હવે કોઇ બ્રાહ્મણ જીતી નહીં શકે અને એમ જ થાય છે. રાજા જનકની દરબાર સભામાંનો તમામ બ્રાહ્મણો ને શાસ્ત્રાર્થ માં પરાસ્ત કરીને તેઓ વિજેતા ઘોષિત થયાં.

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

શાસ્ત્રાર્થ આદિ શંકરાચાર્ય - મંડનમિશ્ર.

આશરે 1300 વર્ષ પહેલાં મધ્યપ્રદેશ માં નર્મદા નદી માં માંધાતા ટાપુ પર બન્ને વ્યક્તિઓ મળીને શાસ્ત્રાર્થ કર્યો કે 32 દિવસ સુધી ચાલ્યો. ભારત ના ઇતિહાસ માં અતિ મહત્વની ચર્ચા થઇ હતી.

ભારતને વિશ્વગુરુ બનાવનારી શિક્ષણ પ્રણાલિ માં ચાર સ્તંભો પ્રચલિત હતાં. ગુરુકુલ, સમિતિ, તપસ્થલિ અને શાસ્ત્રાર્થ.

ગુરુકુલ માં ગુરુ-શિષ્ય સાથે રહેતાં, ગુરુ શિષ્યને શીખવતાં અને શિષ્ય ગુરુ ની સેવા માં રત રહેતાં.

સમિતિ: એટલે આજ નો સેમિનાર જ્યાં અલગ અલગ ક્ષેત્રો ના નિષ્ણાતો એકઠા મળીને એક વિષય પર ચર્ચાઓ કરતા. અને પોતાનું જ્ઞાન ત્યાં નિરૂપણ કરતાં.

તપસ્થલિ એવી જગ્યા હતી જ્યાં ઘણાં સંશોધકો સાથે મળીને કોઇ વિષય પર સંશોધનો કરતા હતા

શાસ્ત્રાર્થ: જ્યાં બે વિદ્વાનો માં કોઇ વિષય પર એકમત ન સધાતા તેના પર શાસ્ત્રાર્થ કરતાં; વિવાદ નહીં.

આમ ભારતીય જ્ઞાન ના આ ચાર સ્તંભો વડે જ્ઞાન પ્રાપ્ત થઇ વધુ સુદૃઢ રીતે જ્ઞાન પ્રસાર ચાલતો હતો સમયે સમયે આથી જ્ઞાનસમૃદ્ધિ વધતી જતી હતી.

સેમિનાર અને ભાગ્યે સહયોગી સંશોધન આજે પણ થાય છે પરંતુ ગુરુકુલ અને શાસ્ત્રાર્થ પ્રણાલિ લગભગ લુપ્ત થઇ ચુક્યા છે. પરંતુ જ્યારે પણ શાસ્ત્રાર્થ ની વાત આવે ત્યારે આદિ શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે થયેલાં શાસ્ત્રાર્થ ની યાદ તાજી થઇ જાય છે. જેમાં વડે સમાજ કલ્યાણ થયું અને લોકો ઘણાં મહત્વ માં પ્રશ્નો ના ઉત્તર

www.qatm.com

part of VERDER scientific

પ્રદાન કરેલા છે જેવા કે શું સદાચાર દઈ, પીડા અને દુઃખો ના નિવારણ માટે પુરતો છે? શું સંન્યાસ દ્વારા તમામ દુઃખો નો અંત આવી શકે? જો હા તો પછી જગત આગળ કેવી રીતે વધશે?

આ શાસ્ત્રાર્થ આદિ શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે થયો હતો જેમાં મંડન મિશ્ર હારી ગયા હતા. મંડન મિશ્રના પત્ની ઉભય ભારતીજી તેનાં નિર્ણાયક હતાં. છેવટે તેમણે પણ શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો.

હવે પ્રશ્ન થાય કે વૈદિક વિચારધારાઓ માં મતભેદ શા માટે? બંને વિદ્વાનો એ વેદોનો અભ્યાસ કરેલ હતો અને સનાતન ધર્મ વિશે બંને ખુબ સારું જ્ઞાન ધરાવતાં હતાં. તો પછી વચ્ચે શાસ્ત્રાર્થ ની શું જરૂર પડી? વેદો સનાતન ધર્મનાં શાસ્ત્રો છે તો બંને એકમત કેમ ન હતાં?

પુરાતન કાળ થી વેદાભ્યાસ ચાલ્યા કરે છે. અને ઘણાં ઋષિઓ એ તેનો ગહન અભ્યાસ કરેલો છે. પરંતુ જ્યારે દર્શન એટલે કે આ જગત કેવી રીતે, કેમ ઉદ્ભવ્યું? તેનો રચયિતા કોણ? તેની રચના કેવી રીતે થઈ? મનુષ્ય કેમ અસ્તિત્વ માં આવ્યા? તેમનો હેતુ શો? તેમની ભૂમિકા શું? આવા મહત્વનાં પ્રશ્નોની દર્શન ચર્ચા કરે છે અને પ્રાચીનકાળ થી ઋષિઓ તેનાં ઉત્તરો શોધી રહ્યા છે. આમ અનેક ઋષિઓએ તેમનું મહત્વનું યોગદાન આમાં આપેલું છે. આમ છ મુખ્ય વિચારધારાઓ સર્જાઈ ગઈ. જેમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત. આ છ દર્શનો એ જગત નિર્માણ અને વેદોની પ્રમાણિકતા પર કામ કરેલું છે. અને તેઓ તાર્કિક નિર્ણયો પર પહોંચે છે. દા.ત. મિમાંસા દર્શન વેદોને પ્રમાણિત માને છે. તેને પ્રમાણ ની આવશ્યકતા જ નથી તે સ્વતઃપ્રમાણિત છે. જ્યારે ન્યાય દર્શન વેદોની ઉપર પ્રશ્નો ઉઠાવે છે અને કહે છે કે વેદોને પણ પ્રમાણ ની જરૂર છે. આમ આ બંને નો ઉદ્ભવ વેદો માંથી જ થવા છતાં બંને દર્શનો માં અલગતા છે.

આ જ રીતે કર્મ ની બાબતે મીમાંસા અને વેદાંત દર્શનો માં સામ્યતા નથી. મીમાંસા દર્શન પ્રમાણે કર્મ નાં ફળ કર્મ માંજ જન્મે છે. ~~ઈશ્વર~~ તેનાં ફળ આપવા માટે ઈશ્વરીય સત્તા ની આવશ્યકતા નથી!

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED



તમારા કર્મમાં જ એવી શક્તિ નિહિત છે કે તે તેનું ફળ આપે છે. જ્યારે વેદાંત દર્શન મુજબ કર્મ જડ છે અને ઈશ્વર તે ફળ આપી શકતો નથી. આમ મંડન મિશ્ર મીમાંસા દર્શનનાં નિષ્ણાત હતાં બીજી બાજુ આદિ શંકરાચાર્ય વેદાંતી હતાં. બંને હિંદુ સનાતની, વેદાભ્યાસુ જ્ઞાની હતાં તેમનાં વિચારો અને માન્યતાઓ આમ અલગ હતા. આમ કર્મનો સિદ્ધાંત, ઈશ્વરની સત્તા, કર્મકાંડ જેવાં અનેક પ્રશ્નો પર વિચારભેદ હતો.

મીમાંસકો માને છે કે જગત ~~સત્ય~~ શાશ્વત છે. જ્યારે વેદાંત જગતને મિથ્યા માને છે. તે કાલ્પનિક છે. આમ જ્યારે ખૂબ જ વિરોધાભાસ ઉભો થયો તેનાં નિવારણ હેતુ શાસ્ત્રાર્થ થતાં

આમ જોતાં છ દર્શનો પોતાની આગવી રીતે વિશ્વમાં દુઃખનું નિવારણ શોધે છે. આમ બધાનો હેતુ એક જ છે.

આદિ શંકરાચાર્ય વેદાંતી ~~હતાં~~, અને સંન્યાસી હતાં જ્યારે મંડન મિશ્ર, મીમાંસક અને ગૃહસ્થી હતાં. જ્યારે આદિ શંકરાચાર્ય વેદાંત ફેલાવવા માંગતાં હતાં તેમનાં માર્ગમાં આડે મંડન મિશ્ર હતાં તેમને ~~હરાવી~~ શાસ્ત્રાર્થમાં હરાવીને જ વેદાંતનો સૂર્ય ચમકાવી શકાય આથી તેમણે મંડન મિશ્રને પડકાર્યાં મંડન મિશ્રએ પડકાર સ્વીકાર્યો એક શરતે કે જે શાસ્ત્રાર્થ હારી જશે તે વિજેતાનો આજીવન શિષ્ય બની રહેશે. આમ શંકરાચાર્યએ પણ પ્રતિજ્ઞા કરી કે જો તે હારી જશે તો પછી તે સંન્યાસ છોડી ગૃહસ્થ આશ્રમ અપનાવશે. મંડન મિશ્રએ પણ પ્રતિજ્ઞા કરી કે જો તે હારી જશે તો તે સંન્યાસ લેશે. આમ તબક્કો ગોઠવાઈ ગયો અને મિશ્રનાં પત્ની

www.qatm.com

part of VERDER scientific

વિદુષી ઉભય ભારતીજી તેનો નિર્ણાયક ઠેરવાયા. શાસ્ત્રાર્થ ની શરૂઆત ખુબ જ સરળ હતી પરંતુ જ્યારે 5-6 દિવસો પસાર થયા ત્યારે શાસ્ત્રાર્થ ની ગુંજ સમગ્ર ભારત માં ફરીવળી. તેમાં આગળ વધતાં અનેક સ્થળો માં વિદ્વાનો આ શાસ્ત્રાર્થ જોવા ત્યાં પહોંચી ગયા.

છઠ્ઠા દિવસે મંડન મિશ્ર એ અદ્વૈત પર પ્રશ્ન ઉઠાવ્યો કે જીવ અને બ્રહ્મ કેવી રીતે ? કેમ એક જ છે ? ત્યારે શંકરાચાર્યે જીવ-બ્રહ્મ એકતા નાં પ્રમાણરૂપે છાન્દોગ્યઉપનિષદ નો મંત્ર તત્વમસિ રજુ કર્યો પરંતુ મંડનમિશ્ર ને સંતોષ ન થયો તેમણે જણાવ્યું કે તે ઉપનિષદ માં મનો બ્રહ્મ ઇતિ ઉપાસિત એટલે કે વ્યક્તિ ~~એ~~ એ મન ની બ્રહ્મ તરીકે પૂજા કરવા તેમ કહ્યું છે એટલે કે મન ને બ્રહ્મ માનવાનું કહ્યું છે અને તે ઉપરાંત તેમણે અન્ય મંત્રો જણાવ્યા જ્યાં અન્ન, સૂર્ય વગેરે ને પણ બ્રહ્મ ગણી ઉપાસના કરવા જણાવેલ છે.

આમ મંડનમિશ્ર નો પ્રમાણે તત્વમસિ એટલે બ્રહ્મને પ્રત્યેક જીવ માં જોવો એટલે કે પ્રત્યેક બ્રહ્મનું આચરણ કરવું નહિ કે પ્રત્યેક જીવ બ્રહ્મ છે. એટલે કે જીવ અને બ્રહ્મ અભિન્ન છે એવો તત્વમસિ નો અર્થ નથી. ત્યાં આદિ શંકરાચાર્યે સ્મિત કર્યું અને મંડનમિશ્ર ની દુવિધા સમજી ગયાં અને તેમનું ધ્યાન દોર્યું કે મનો બ્રહ્મ ઉપાસિત માં ઉપાસિત નો અર્થ પૂજા છે જે કર્મકાંડ નો વિષય છે. આથી જ અન્ન, સૂર્ય અને મન વગેરે ને બ્રહ્મ તરીકે પૂજા કરવાનું કહેલું છે. પરંતુ તત્વમસિ માં શબ્દ અસિ નો ઉપયોગ થયો છે જેનો અર્થ શાશ્વત છે. આમ તત્વમસિ ના પદ્ધતિ માત્ર કર્મકાંડ પુરતા સામિત ન રહેતાં તે શાશ્વત, સદાકાળ ઉપાસના કરવાનું જણાવેલ છે.

પરંતુ મંડનમિશ્ર પાછા પડે તેમ ન હતા અને તેમણે કહ્યું કે જો તમે જીવ અને બ્રહ્મ ને એક જ માનો છો તો તે માટે નું પ્રમાણ આપો. અહીં ~~શંકર~~ શંકરાચાર્ય સમજી ગયા કે હવે વધુ ઉંડાણ માં જવું જરૂરી છે. તેમણે કહ્યું તમે જીવ અને બ્રહ્મ માં સરખાપણું શોધો છો નહીં કે એકતા ? જો તમે ~~અ~~ કયા ગુણો ને આધારે તેમને સરખા માનો છો. જો તમે તેને ચૈતન્ય ગુણ નાં આધારે એવું માનો છો તો પછી જગત માં તો એ દેખાય છે.

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QUALITY ASSURED



તો તેનો ઉપદેશ ના શું જરૂર છે અને જે થાય એવું કહેવા માંગો છો
કે જીવ અને બ્રહ્મ સર્વશક્તિમાન છે તો તે સરખા છે. તો મંડન
કે કેવળ એક જ તત્વ સર્વશક્તિમાન હોઈ શકે જ્યારે પણ બે
તત્વની વાત કરશો તો બંને તત્વ ના શક્તિઓ માં ભેદ આવી
જશે સર્વશક્તિમાન વિશેષણ કોઈ એક જ તત્વ ને લગાવી શકાય
એટલે જો તમે કહો કે જીવ, બ્રહ્મ જેટલો જ સર્વશક્તિમાન છે તો
તે બંને એક જ હોય એક જ તત્વ બચે અને તે બ્રહ્મ જ હોય
આમ તમારી વાત સ્વતઃ અસિદ્ધ થાય છે. અહીં મિશ્રજી
નિરુત્તર થયા પરંતુ હજુ હાર્યા ન હતાં. તેમણે કહ્યું કે
શંકરજી તમારી વાત માત્ર તર્ક આધારિત છે. વાસ્તવ માં
તેને માટે કોઈ સબુત હોવું જોઈએ કારણ કે મીમાંસા હંમેશા
પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે તો તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપો
અહીં તેઓ પ્રત્યક્ષ પ્રમાણ માંગીને અદ્વૈત મત નું ખંડન
કરવા માંગતાં હતા. તેમણે કહ્યું કે જ્યારે પણ આપણે ~~હવે તેનાં જવાબ માં~~
કોઈ સાધ્ય ને સિદ્ધ કરીએ ત્યારે તે માટે કોઈ મજબૂત પ્રત્યક્ષ
પ્રમાણ હોય તે જ પ્રમાણભૂત ગણાય છે. તેથી જ અનુભવ
આપણે ઇન્દ્રિયો દ્વારા કરીએ તે જ પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ
પ્રત્યક્ષ પ્રમાણ થી 'અહં ઈશ્વરાત ભિન્ન:' એટલે કે
હું ઈશ્વર થી ભિન્ન છું. એવું સિદ્ધ થયેલ બતાવેલું છે.
તો આપ પ્રત્યક્ષ પ્રમાણ વિરુદ્ધ તમે જીવ અને બ્રહ્મને
એક જ બતાવો છો.

અહીં આદિ શંકરાચાર્યે મંડન મિશ્રને કહ્યું
કે તમે આત્મા માનો છો! એટલે કે તેને તમે વિભુ માનો

www.qatm.com

part of VERDER scientific

છે કે અણુ? વિભુ એટલે સર્વત્ર જે હંમેશા બધે વિદ્યમાન છે. કે
જેમ વેદાંત કહે છે કે જીવ અને આત્મા સંબંધ કે પછી અણુ
જેમ વૈશેષિક માં આત્માને પદાર્થ માને છે? અણુ કે જેની
એક નિર્ધારિત સીમા હોય છે? તમે ભલે ગમેતે રૂપ માં જુઓ તો
પણ તેને તમે ઇન્દ્રિયો વડે સમજી નહિ શકો કારણ કે ના તમને
અણુ દેખાઇ શકે કે ન એવું કોઇ જે સર્વવ્યાપક હોય. આમ આ
જીવ કે આત્માની સંકલ્પના જેનું પ્રમાણ ઇન્દ્રિયો પર આધારિત
હોય તે અમાન્ય સિદ્ધ થઇ જાય છે. આમ પ્રત્યક્ષ પ્રમાણ અહીં
ઉપલબ્ધ ન હોવાથી તેની વાત કરી શકાતી નથી.

ત્યારે મંડનમિશ્રે કહ્યું કે 'જો તમે પ્રત્યક્ષ
પ્રમાણ વડે અનુમાન પ્રમાણ વડે આને સિદ્ધ ન કરી શકો તો પછી જીવ અને બ્રહ્મ
વચ્ચેનો ભેદ ઉભો રહે છે તેને તમે કેવી રીતે સિદ્ધ કરશો?
અહીં આદિ શંકરાચાર્યે જણાવ્યું કે 'જ્યારે પ્રત્યક્ષ પ્રમાણ ઉપલબ્ધ
ન થાય ત્યારે આપણે ~~[illegible]~~ શ્રુતિને પ્રમાણ માનવી પડે. અને
શ્રુતિ પ્રમાણ આધારે જીવ બ્રહ્મ એકતા સિદ્ધ થાય છે. અહીં
મંડનમિશ્રજી ફસાઇ પડ્યા કારણ કે જ્યારે શ્રુતિ નો ઉલ્લેખ આવ્યો
તો પછી બધા દ્વારો ખુલી ગયાં કારણ કે તે મિમાંસક હતાં
અને તેમનો શ્રુતિ એટલે કે વેદ અને ઉપનિષદ નો ગહન અભ્યાસ
હતો આમ તેઓ હવે શ્રુતિ દ્વારા અદ્વૈત મત ખંડન કરવા
તૈયાર થઇ ગયા. અને ઋગ્વેદનાં પ્રથમ મંડલ નો શ્લોક ટાંકી
કહ્યું "વૃક્ષ પર બે પક્ષી બેઠા છે એક જીવ અને બીજો બ્રહ્મ
તો અહીં સ્પષ્ટ દ્વૈત એટલે કે બે પક્ષીની વાત જ છે.
હવે જ્યારે શ્રુતિ જ કહે છે કે જીવ અને બ્રહ્મ બે છે અને
અલગ છે તો તમે શો વાંધો ઉઠાવો છો? અહીં સ્પષ્ટ જણાવ્યું
છે કે જીવ ફળ ભોગવે છે પરંતુ બ્રહ્મ તો ફળ ભોગવતો નથી
અને તેને જરૂર પણ નથી. આમ બન્ને નાં ગુણો અહીં
અલગ જ છે માટે બન્ને અલગ જ છે એવું જ સિદ્ધ થાય છે.
આમ જણાવતાં મંડનમિશ્ર મનોમન રાજી થયાં કે હવે શંકરા
ચાર્યજી વેદોને અમાન્ય નહીં કરી શકે.

અહીં શંકરાચાર્યે તેમને કઠોપનિષદ નાં
પ્રથમવલ્લી બીજા અધ્યાયનાં ૧૦ માં મંત્ર નું પ્રમાણ આપીને
કહ્યું કે " જે કોઇ જીવ અને બ્રહ્મ ને અલગ અલગ જુએ
છે તેને કર્મફળસ્વરૂપે મૃત્યુ પર મૃત્યુ ને પ્રાપ્ત કરે છે.

મૃત્યોઃસ મૃત્યુમાપ્નોતિ યા ઇહ નાનેવ: પશ્યતિ.
'એટલે કે તે જીવન-મૃત્યુ ના ચક્ર માં ફસાયેલો રહે છે. આથી જીવ-બ્રહ્મ ને એક જ જોવા જોઇએ' આવું મંડન મિશ્રે કહ્યું કે બે શ્રુતિ વચ્ચે આવું વિરોધાભાસ ઊભો થઇ ગયો છે એક ઋગવેદ માંથી છે. જ્યારે બીજો કઠોપનીષદ માંથી. ત્યારે શંકરાચાર્યે કહ્યું કે "આવું કોઇ વિરોધાભાસ નથી કારણ કે આવું પ્રથમ મંત્ર માં કોઇ કાર્ય જણાવ્યું નથી. માત્ર બે પક્ષી બેઠાં છે એવો ઉલ્લેખ છે. આ બંને નો અર્થ તો હવે પછી આવશે. પરંતું કઠોપનિષદ નાં બીજો મંત્ર જે તમને રજુ કર્યો છે તેમાં કાર્યનું પરિણામ દર્શાવેલું છે. કે જો તમે આમ ન કરો તો તમને મુક્તિ ન મળે. આમ કઠોપનિષદ નો મંત્ર ઋગ્વેદ નો મંત્ર કરતાં વધુ શક્તિશાળી છે. કારણ તેમાં કાર્ય-પરિણામ પણ સંયોજીત છે.

હવે જ્યારે પ્રથમ મંત્રને જોઇએ તો તેમાં જે બે પક્ષીએ ની વાત કરી છે તે જીવ અને બ્રહ્મ ના નથી પરંતું જીવ અને બુદ્ધિ ના છે. જેમાં જીવ છે તે ફળ ભોગવે છે ત્યારે બુદ્ધિ તેને જોયા કરે છે. ત્યાં જીવ અને બ્રહ્મ વચ્ચે કોઇ ભેદ નથી બતાવ્યો આથી આપની વાત નિરાધાર સિદ્ધ થાય છે." ત્યારબાદ મંડન મિશ્રે અન્ય ઉપનિષદો માંથી ~~અનેક~~ ઘણાં મંત્રો રજુ કર્યા જેમાં જીવ અને બ્રહ્મ નાં બે-ભિન્ન હોવાની વાત જણાવી પરંતું આદિ શંકરાચાર્યે તે બધા નાં જવાબો ખુબ સચોટતાથી તર્કસંગત આપ્યા. જે શ્રી શંકર દિગ્વિજય' પુસ્તક માં વર્ણવેલ છે. જે માધવાચાર્ય દ્વારા પ્રકાશીત છે.

આ શાસ્ત્રાર્થ નાં અંતિમ દિવસો માં અંતભાગે શ્રી મંડનમિશ્ર આદિ શંકરાચાર્ય પર આદરભાવથી મોહિત થઇ ગયા હતાં હવે તેઓ એક પ્રતિસ્પર્ધી ન રહેતાં શિષ્યભાવે ગુરુજને પ્રશ્નો પુછતાં હતાં. કારણ તેઓ સ્વયં જીવ-બ્રહ્મ નાં સંબંધ વિશે જાણવા માગતાં

હતો. અહીં આદિ શંકરાચાર્યે જણાવ્યું કે "જીવ અને બ્રહ્મ નો સબંધ એવો છે જેવો સૂર્ય અને તેના કિરણો. બ્રહ્મ સૂર્ય જેવો છે જેની શક્તિ પ્રત્યેક કણ માં વ્યાપેલી છે. બ્રહ્મ ઈશ્વર રૂપે પ્રત્યેક જીવમાત્ર માં છે." અને તે અહીં મંડન મિશ્રે જણાવ્યું કે જો બ્રહ્મ વ્યાપકશીલ ઈશ્વર જ છે અને દરેક જીવ માં એકરૂપ છે તો હું તેને કેમ દેખાતો નથી. અહીં આદી શંકરાચાર્યે સામુ પુછ્યું "જો હું એક ~~[illegible]~~ ઘડામાં માં પાણી લઈ તેમાં થોડું મીઠું ઓગાળતો હઉં તો શું થશે?' ત્યારે મંડન મિશ્રે કહ્યું 'તે પાણી ખારું થઈ જશે.'

અહીં આદિ શંકરાચાર્યે પુછ્યું "શું તમે નમકના કણો છે એમ કહી શકો? શું તમે તેને જોઈ શકો?' ત્યારે મંડનમિશ્રે કહ્યું 'ના, હું તેમાં મીઠું દેખી શકતો નથી.' અહીં આદિ શંકરાચાર્યે સમજાવ્યું કે આજ પ્રમાણે બ્રહ્મ પ્રત્યેક જીવમાં ઓગળી ગયેલ છે. તે જગતના ~~પ્રત્યેક~~ પ્રત્યેક કણમાં વ્યાપેલ છે પરંતુ તે ઈન્દ્રીયાતીત છે. જેમ આપણે મીઠું જોઈ ન શકીએ તેમ જ આપણે ઈન્દ્રીયો દ્વારા બ્રહ્મ ને ન જાણી શકાય અને જો તમે ઈન્દ્રીયોથી ઉપર ઉઠીને બ્રહ્મ કે ઈશ્વરને મેળવવા માંગતાં હોય તો તમારે અદ્વૈત વેદાંત દર્શન પર મનન કરવું પડે. અહીં મંડનમિશ્રે પોતાનો પરાભવ સ્વીકાર્યો અને આદિ શંકરાચાર્યનાં શિષ્ય બન્યા.

પરંતુ ત્યારબાદ મંડન મિશ્રનાં પત્ની ઉભય ભારતીજી કે શાસ્ત્રાર્થનાં નિર્ણાયક હતા તેમણે આદિ શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ માટે પ્રતિસ્પર્ધા કરી અને તે શાસ્ત્રાર્થ પણ લગભગ એટલા જ દિવસ ચાલ્યો હતો. આમ શંકરાચાર્યે સમગ્ર દેશમાં અલગ અલગ સ્થળો એ જઈને જે તે સ્થળોનાં વિદ્વાનો ને ~~[illegible]~~ શાસ્ત્રાર્થ માં પરાસ્ત કરીને અદ્વૈત વેદાંત નો દિગ્વિજય કર્યો હતો.

ૐ = $mc^2$ કેટલું સત્ય છે.

જ્યારે High Energy Physics આગળ વધ્યું ત્યારે આપણને એવું જણાયું કે ક્યારેક તો આપણે સૂક્ષ્મ Particle (કણ) સુધી પહોંચશું જેને આપણે તોડી ન શકીએ. આપણે ઇલેક્ટ્રોન, પ્રોટોન ન્યુટ્રોન સુધી પહોંચ્યા ~~ક~~ લાગ્યું કે આપણે પહોંચી ગયા. પરંતુ આજે આપણી પાસે ૨૦૦ થી વધુ Fundamental Particles મોજુદ છે. વાસ્તવ માં આપણે શું કરીએ છીએ કે બે Particles લઇએ છીએ અને તેને Speed of Light પાસે ટકરાવીએ છીએ આથી તેનાં સૂક્ષ્મ કણો માં વિભાજન કરી શકીએ પરંતુ હવે આપણે એ જગ્યાએ પહોંચ્યા છે જ્યાં બે Fundamental Particles ને ટકરાવા થી પોતાનાં જેવા જ 150 થી 200 સૂક્ષ્મ Particles બનાવે છે. એટલે કે હવે વધુ સૂક્ષ્મ Particles નથી મળતા પરંતુ ઉર્જા મળે છે. અથવા ઉર્જા સ્વયં આવા ~~સ~~ સૂક્ષ્મ કણો માં રૂપાંતર થઇ જાય છે જે આપણને પહેલાં મળ્યાં હતાં.

હવે આઇન્સ્ટાઇન ની થીયરી વડે આપણે જાણતાં હતાં કે દ્રવ્ય એ બીજું કશું નથી પરંતુ શુદ્ધ ઉર્જાનું રૂપાંતરણ જ છે. આ વાત High Energy Physics માં સાબિત થઇ છે.

આથી ૐ = $mc^2$ લખવું ગલત નથી કારણ કે સનાતન ધર્મ માં ૐ એ non duality (અદ્વૈત) નું પ્રતીક છે. આથી તે વિજ્ઞાન (Science) માં matter અને Energy ની વચ્ચે નાં (અદ્વૈત) non duality ને દર્શાવી શકે છે.

આપણાં શરીર માં કેટલું (matter) દ્રવ્ય છે.? જો શરીરમાં રહેલા તમામ Space - અવકાશ કાઢી લેવામાં આવે તો જે matter બચે તેને કેટલું જગ્યા માં આવી શકે? શું તે એક ક્રિકેટબોલમાં સમાય? ચાલો જાણીએ.

હવે જો એક Atom ને Statue of Unity (597 Ft/182 meter) જેટલું મોટું કરીએ તો તેનું કેન્દ્ર (Nucleus) તમકનાં દાણા જેવડું દેખાય છે. હવે આ તમકનાં દાણા જેટલો એટમ માં જે બુર્જ ખલીફા જેટલાં વિશાળકાય Structure નાં 99.99% જેટલો માસ (Matter) રહે છે. જેને Proton અને ન્યુટ્રોન બનાવે છે.

આથી શરીર નાં તમામ અણુઓ માંથી Space કાઢી લેવામાં આવે તો તે સોયના અણીપર આવી શકે સમાઇ જાય. આમાં ઇશ્વરની અદ્ભુત માયા એવી રીતે કામ કરે છે. કે સોયના અણી જેટલાં દ્રવ્યને તમારા શરીર નાં આકાર જેટલો બનાવી દે છે.

આમ ન્યુક્લિયસ ને De-code કર્યા બાદ 1930s સુધી + Proton 0 neutron − electron ને Fundamental Particles માનવામાં આવ્યા જેના વડે સમસ્ત બ્રહ્માંડ બનેલું છે. પરંતુ સત્ય એ છે કે આપણે કોઇપણ Fundamental Particles સુધી પહોંચી નથી શકતાં ત્યાં અત્યંત ખતરનાક

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

સફરજન ને જો પૃથ્વી જેટલું મોટું કરવામાં આવે તો તેમાં Atoms કેટલાં મોટા હોય = 1 મખાના જેટલાં
એટલે કે પૃથ્વી પર જેટલાં મખાના ભરીએ એટલાં Atom આ સફરજન માં છે. હવે જો મખાનાને એક રૂમની size જેટલું કરીએ તો પણ તેના અંદર નું Nucleus આપણને દેખાતું નથી.

હવે જો મખાનાને Statue of Unity જેટલું મોટું કરવામાં આવે ત્યારે તેનું Nucleus એક નમકના દાણા જેટલું દેખી શકાય અને ઝીણા ઝીણા એવા size ના electrons આ ન્યુક્લીયસ ની આગળ પાછળ ફરી રહ્યા હોય છે. હવે જો Atom માં matter છે નહીં પૂરું ખાલી છે તો પછી Atom થી બનેલા વસ્તુઓ આપણને Solid કેમ દેખાય છે.

તમે પંખો FAN Ceiling Fan જોયો હશે જ્યારે તે Speed માં ચલાવીએ ત્યારે ત્રણ કે ચાર બ્લેડ વચ્ચેની જગ્યા ન દેખાતાં આખો Solid ડીસ્ક ~~ડિ~~ જેવું દેખાય છે.
એ જ પ્રમાણે Atom માં જે electrons હોય છે તેની revolution speed 600 miles / second આટલી Speed માં ઘૂમતાં હોય કે waves ઝીણા ઝીણા દરેક જગ્યાએ રહી શકે છે. આના પરિણામે તે આ Atoms ની rigid wall બનાવી આપે છે.

www.qatm.com

part of VERDER scientific

શિવ-ગીતા.

અધ્યાય - 13.

સૂતજી બોલ્યા. બુદ્ધિમાનો માં શ્રેષ્ઠ રઘુનાથજી આ રીતે શ્રવણ કરીને પ્રસન્નતા થી ગિરિજાપતિ ને મુક્તિ નાં લક્ષણ પૂછવા લાગ્યા.

શ્રી રામ ઉવાચ:- હે કૃપાસાગર ભગવાન! આપ મારા પર પ્રસન્ન થઈને મુક્તિ નું સ્વરૂપ અને લક્ષણ નું વર્ણન કરો.

શ્રી ભગવાન બોલ્યા. હે રામ! સાલોક્ય, સારૂપ, સાર્ષ્ટિય, સાયુજ્ય અને કૈવલ્ય આ મુક્તિ નાં પાંચ ભેદ (પ્રકાર) છે.

જે કામનારહિત, અજ્ઞાન થી હીન બનીને ભક્તિ માં મારું પૂજન કરે છે. તેઓ મારા લોક ને (શિવલોક) ને પ્રાપ્ત કરીને સાલોક્ય મુક્તિ ને પ્રાપ્ત થાય છે અને અનેક પ્રકારનાં ઇચ્છિત ભોગ ભોગવે છે.

જે ~~કુરુ~~ મારા સ્વરૂપ ને જાણીને નિષ્કામ બુદ્ધિ થી મારું ભજન કરે છે તે મારા સ્વરૂપ ને પ્રાપ્ત કરીને અનેક પ્રકારનાં અભિલાષિત ભોગો ને ભોગવે છે તેને સારૂપ્ય મુક્તિ કહે છે.

જે પુરુષ મારી પ્રીતિ અર્થે નિમિત્ત ઇષ્ટપૂર્તિ આદિ કર્મ કરે છે. તેને પણ આ જ ફળ પ્રાપ્ત થાય છે તેમાં સંદેહ નથી.

જે ભોજન કરતાં કે જે અગ્નિ માં હવન કરતાં, જે દેખતાં કે કોઈ તપ વગેરે કરે છે તે મને જ અર્પણ કરે છે તે મારા લોક ની સમસ્ત વિભૂતિ જગત નાં કલ્પ વગેરે થી અલગ રહીને સમ્પૂર્ણ દિવ્ય સંપત્તિ ભોગવે છે તેને સાર્ષ્ટિય મુક્તિ કહે છે.

જે શાંતિ વગેરે સાધનયુક્ત થઈને શ્રવણ, મનન નિદિધ્યાસનપૂર્વક મને જ આત્મારૂપે જાણે છે તે અખિલ સ્વપ્રકાશ બ્રહ્મ ના તદ્રૂપતા પામે છે, જે જીવ નું યથાર્થ સ્વરૂપ છે આ સ્વરૂપમાં અવસ્થિત થવાનું નામ સાયુજ્ય મુક્તિ છે.

સત્ય, જ્ઞાન, અનંત આનંદ વગેરે લક્ષણયુક્ત તેમજ સર્વધર્મ રહિત મન અને વાણીથી પર, સજાતીય કે વિજાતીય પદાર્થો તેમાં ન હોવાથી તે બ્રહ્મને અદ્વૈત કહે છે.

હે રામ! આ જે શુદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું છે, તેને આત્મરૂપ જાણીને સંપૂર્ણ સ્થાવર, જંગમ જગતને મારા રૂપમાં જ જુએ છે.

જેમ આકાશમાં ગંધર્વનગર નગર નથી પણ તેના મિથ્યા પ્રતીતિ થાય છે. તે રીતે આ અનાદિ અવિદ્યાથી ઉત્પન્ન થયેલું જગત મારામાં ~~કલ્પ~~ કલ્પવામાં આવે છે વાસ્તવમાં તે મિથ્યા છે.

~~જ્યા~~ જે સમયે મારા સ્વરૂપને જ્ઞાનથી જાણો ત્યારે જ અવિદ્યા નાશ થઈ જાય છે તથા મન વાણીથી પર એક હું જ વિદ્યમાન રહું છું.

હું નિત્ય, પરમાનંદ, સ્વપ્રકાશ અને ચિદાત્મા છું, કાળ, દિશા, વિદિશા, પંચભૂત આ સ્વરૂપમાં કશું જ નથી. મારા સિવાય બીજી કોઈ વસ્તુ નથી. હું કેવળ એક જ વિદ્યમાન રહું છું.

મારા નિર્ગુણ સ્વરૂપ કોઈ નીલો, પીળો કે વર્ણવાળો નથી. અને આ સર્વશ્રેષ્ઠ મન જોવાનું સામર્થ્ય કોઈમાં હોતું નથી. જે કોઈ હૃદયમાં બુદ્ધિથી ~~ન~~ મારા સ્વરૂપને જાણે છે તે એ જ જ્ઞાન વડે મુક્તિ પામે છે.

શ્રી રામ બોલ્યા: હે ભગવાન્! મનુષ્યોને શુદ્ધ જ્ઞાન કેવી રીતે થાય છે. હે શંકર! જો આપની કૃપા મારા પર હોય તો આના ઉપાયનું વર્ણન કરો.

શ્રી ભગવાન બોલ્યા: બ્રહ્મલોક સુધીના દિવ્ય દેહને પણ નાશવંત જાણીને પત્ની, મિત્ર, પુત્ર વગેરેને કલેશ આપનારા તથા અનિત્ય સમજીને આ બધા માંથી ચિત્તના વૃત્તિને અલગ કરે. તથા શ્રદ્ધાપૂર્વક જ્ઞાન પ્રાપ્ત થવા નિમિત્તે, મોક્ષશાસ્ત્ર વેદાંતમાં નિષ્ણાત બનીને તેને જાણવાના ઉપાય કરતાં કરતાં બ્રહ્મવેત્તા ગુરુના શરણે જાઓ.

આવા ગુરુ આગળ પોતાના હાથમાં રાખેલ પદાર્થ આપીને દંડવત્ નમસ્કાર કરી પછી ઉઠીને હાથ જોડીને ઇચ્છિત નિવેદન કરે.

ઘણા સમય સુધી સાવધાનીથી તેઓની સેવા કરીને સંતુષ્ટ કરવા અને મન લગાવીને બધા વેદાન્તનાં વાક્યોનાં અર્થ શ્રવણ કરવા.

અને સંપૂર્ણ વેદાન્તનાં વાક્યોનું તાત્પર્ય પણ નિશ્ચય

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM QUALITY ASSURED

પૂર્વક કરવું (એવું નક્કી કે એવું બ્રહ્મ કહેલાં કાર્ય કરે) તેનું નામ બ્રહ્મવાદીઓએ શ્રવણ કહ્યું છે.

લોહમણિ (લોહચુંબક) વગેરેમાં સ્વાભાવિક સહજશક્તિ વડે જેવા કે ચુંબકના શક્તિ વડે લોહપદાર્થ ભ્રમણ કરે છે. આ રીતે જ બ્રહ્મના સત્તા વડે જગત ભ્રમણ કરે છે. આમ શ્રવણને પુષ્ટ કરીને મનન કરવું અર્થાત ~~તેમાં~~ તેનું ચિંતન કરો. વાક્યનાં અર્થનાં વિચારને જ મનન કહે છે.

મમતા અને અહંકારરહિત સતુમાં સમાન અને સંગવર્જિત શાંતિ વગેરે વડે સાધન સંપન્ન થઈને નિરંતર ધ્યાનયોગ વડે આત્મા વડે આત્માનું ધ્યાન કરવાને જ નિદિધ્યાસન કહે છે.

સંપૂર્ણ કર્મોનો ક્ષય થવાથી જે આત્માનો સાક્ષાત્કાર છે તે કોઈને શીઘ્ર અને કોઈને લાંબા સમયે થાય છે. જેને પ્રતિબંધક ન હોય તેને શીઘ્ર અને જેને પ્રતિબંધક હોય તેને મોડેથી થાય છે.

ભેગે કરેલાં કરોડો જન્મસંગ્રહ કર્મો છે તે જ્ઞાન માત્ર જ નષ્ટ થાય છે.

જ્ઞાન થયાં પછી જે થોડાંઘણાં પાપ કે પુણ્ય થાય તેનાથી તે બંધાતો નથી.

અને જે પ્રાણના શરીરનિર્માણ હેતુ પ્રારબ્ધ કર્મ છે તે ભોગવીને જ છૂટે છે. જ્ઞાન વડે નહીં.

જેને મોહ, અહંકાર નથી જે સંપૂર્ણ સંગરહિત છે. સંપૂર્ણ પ્રાણીઓને આત્મામાં અને સંપૂર્ણ પ્રાણીઓમાં પણ જે આત્માને જ જુએ છે આવી રીતે શાસ્ત્રયુક્ત વિચારણા કરતો તે પ્રાણી જીવનમુક્ત કહેવાય છે કારણ કે તે પ્રારબ્ધ કર્મક્ષયનાં નિમિત્તે જ વિચરતો હોય છે.

www.qatm.com

part of VERDER scientific

સાંપની કાંચળી સહિત નો સાપ જે રીતે દેખનાર ને ભય પમાડે છે પરંતુ તે સર્પનાં શરીર થી છુટી ગયા બાદ કોઈ ને ભય પમાડનાર નથી એ જ રીતે આત્મા માયાયુક્ત હોવાથી અનેક પ્રકારનાં સંસાર ભય પ્રદાન કરાવે છે તે જીવન્મુક્ત થવાથી ફરી ક્યારેય કોઈપણ રીતે ભયભીત થતો નથી.

જે સમયે આ પ્રાણી નાં હૃદયની વાસના સંપૂર્ણ નષ્ટ થઈ જાય છે અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. ત્યારે તે પ્રાણી અમૃત થઈ જાય છે. આ વેદાન્તશાસ્ત્રના મુખ્ય શિક્ષા (જ્ઞાન નું ફળ) છે.

જેમ કૈલાસ, વૈકુંઠ વગેરે દિવ્યલોક છે તેવો મોક્ષ એ કોઈ લોક નથી. મુક્ત કોઈ ગામ નો નિવાસી નથી હોતો. કેવળ હૃદયના અજ્ઞાનગ્રંથિ માં નષ્ટ થવાને કારણે જ તે મુક્ત થાય છે.

જેમ જેમ છાલનો અગ્રભાગ પગરનાર બહાર પડે છે તે જ ક્ષણે તે નાશે પડે છે એજ રીતે જ્ઞાનપુરુષો ને જ્ઞાન થતાં જ મુક્તિ ના પ્રાપ્તિ થાય છે તે આ સંસાર થી તત્કાળ છુટી જાય છે.

જીવન્મુક્ત પુરુષ તીર્થમાં કે ચાંડાલ ~~માંદેક~~ના ઘરમાં દેહત્યાગ કરે અથવા ન કરે તેમજ પ્રભુ નું ચિંતન કરતાં દેહત્યાગ ન કરે કે અચેત થઈને મૃત્યુ પામે, તે જ્ઞાન ના બળે જ મુક્ત થઈ જાય છે.

જીવન્મુક્ત કોઈ વસ્ત્ર ધારણ કરે કે નગ્ન ફરે, ભક્ષ્ય કે અભક્ષ્ય કંઈપણ ખાય. ગમે ત્યાં શયન કરે તે પ્રારબ્ધકર્મ નો ક્ષય થતાં જ તે મુક્ત થઈ જાય છે.

જેવી રીતે દૂધમાંથી નિકાળેલુ ઘી, ફરીથી દૂધમાં નાખવા છતાં તે ઘી દૂધ માં મળી જતું નથી એજ રીતે જ્ઞાનવાન સંસાર થી વિરક્ત થયા પછી ફરી જગત માં આસક્ત થતો નથી.

હે રામચંદ્ર! જે આ અધ્યાય ને નિત્ય વાંચે કે સાંભળે તે અનાયાસ દેહબંધનથી મુક્ત થાય છે.

હે રામ! તમારું અંતઃકરણ જ ~~સંશ~~ સંશય વશ થાય છે. (શંકાશીલ બન્યા કરે છે. તેથી નિત્ય આ અધ્યાયનો પાઠ કરે. તેનાથી અનાયાસ તમારી મુક્તિ થઈ જશે.

ઇતિ શ્રી પદ્મપુરાણે શિવગીતાસુ ઉપનિષદ્ત્સુ. શિવ-રાઘવ સંવાદે ત્રયોદશ અધ્યાયઃ

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

ચંડીપાઠ

માર્કંડેય પુરાણ માં, આદ્યશક્તિનાં મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી આ ત્રિગુણાત્મક સ્વરૂપ તથા ચંડિકા તેમજ અન્ય માતૃસ્વરૂપોના ઉત્પત્તિ ને માહાત્મ્ય દર્શાવતો ચંડીપાઠ જે સપ્તશતી નામે પ્રસિદ્ધ છે, જેમાં સાતસો શ્લોકો વડે રચાયેલો છે.

શક્તિપૂજા આપણી સનાતન સંસ્કૃતિ નું એક ઉજ્જવળ અંગ છે. શક્તિ ના ઉપાસના એ અનેક સંતો, મહાત્માઓ અને યોગીઓ ને જન્માવ્યા છે તો સાથે સાથે નારી અને નિર્ભયતા પણ અર્પ્યા છે. વેદ માં જે શક્તિ રુદ્ર ને દાનુષવ સાધનાના દર્શન થાય છે તેજ શક્તિ પુરાણો માં અસુરો ના સંહાર કરતા દેખાય છે અને તે જ્યારે પ્રત્યક્ષ જીવન માં કોઈ શ્રી રામકૃષ્ણ પરમહંસ કે કોઈ છત્રપતિ શિવાજી કે બીજા સાધક (ભક્તોજ) માં શૂરતા ની, વીરતા ની, ભક્તિ ની પ્રસાદ પરિમલ મહેકાવે છે. આમ શક્તિપૂજા અત્યંત પ્રાચીન છે અને તેની પરંપરા અસ્ખલિત છે, અભાય છે.

એક બાજુ આપણે 'નારી નરક ની ખાણ' જેવાં વૈરાગ્ય પ્રેરક વચનો સાંભળીએ, વાંચીએ છે. પરંતુ અહીં નારીશક્તિ નો જયકાર દર્શન માં સાક્ષાત્કાર ગુંજતો અનુભવાય છે. અહીં આપણે 'સર્વ મંગલ ના નિધિ શક્તિને' જગત ના નારી માત્ર માં જોવાના વિચારનું આશય સાંભળીએ છે. ફૂલ જેવા કોમલાંગી હાથ માં ખડ્ગ લઇને રિપુદલ નો નાશ કરે અને સમસ્ત જગત નો ભાર ઉતારે એ કલ્પના નથી અહીં સત્ય ફલિત થયેલ છે. રાણી લક્ષ્મીબાઈ, રાણી રુદ્રદેવા અને માતા જીજા આનાં જીવંત ઉદાહરણો છે - નારી સ્વયં નારાયણી છે એના શક્તિ વગર શિવ પણ શવ જેવા બની રહે. આ જીવન શક્તિની ઉપાસના કોમળ હોય તેમ કરાલ પણ હોય; આથી ત્રિમંગલ

www.qatm.com

part of VERDER scientific

માં શિખરે બિરાજેલી જુડાઈઓ જ અસરગ્રસ્ત પણ છે પરંતુ એમની ફરજ બજાવવામાં નિષ્ફળતા માં, ભયંકરતા માં પણ બારોબાર ભોગવવા રહી છે. જીવન નું ઝેર જ રહ્યું છે.

એકવાર આવો પ્રશ્ન પુછાયેલ હતો કે નારી ને જ આવા અમંગ બાબતો સાથે શા માટે સાંકળવામાં આવે છે. તેના પર ટીકાટિપ્પણ કરનાર તેના સાથે કુશળતા અને ક્રૂર કર્મો આચરનાર તો પુરુષ હોય છે. તેને સમાજ માં દરેક સ્તરે નિંદા, મહેણાં, તિરસ્કાર નો સામનો કરવો પડે છે. શાસ્ત્રો માં પણ તેનો એકબાજુ અંગઉપાંગો નું વર્ણન અને પછી તેનામાં જ હેતુ ના અવહેલના ?

હા. આ બાબત વિચારવાનીય છે. અસલ તો શાસ્ત્રો લખનારા મોટાભાગે પુરુષો જ હતા. અને પુરુષો માં વૈરાગ્ય ઉપજાવવા અને નારીસંગ કે સ્ત્રીસંસર્ગ થી દૂર રાખવા માટે બધાને આવા લખાણો રચેલા છે. તે એટલાં બધાં જુગુપ્સા ઉપજાવનારાં હોય છે કે તેના વાચક નારીસંબંધી વિચારમાત્ર કરવાનું બંધ કરી ને સાધના માર્ગે આગળ વધી શકે. મૂળે પુરુષ માણસો માં જ લંપટતા અને કામ, ક્રોધ આવેગો ના અતિશયતાઓ હિંસા વ્યભિચાર જ સમાજ અનાચાર ના રસ્તે ગબડતો હોય છે.

સ્ત્રી માં તો અનેકાનેક શક્તિઓ મોજૂદ છે. માણસો એ તેને પ્રગટ કરવા પડે જ્યારે નારી માં તો તે સ્વયં સાક્ષાત હોય છે. તેના પ્રથમ શક્તિ છે સર્જનશક્તિ, ઈશ્વર તે કોઈ સુંદર, કેટલું બધું સર્જન કરી શકે છે.? તેના પાસે પુરુષો પામર અને લાચાર જેવાં લાગે છે. અરે પુરુષો ના જન્મદાતા જ નારી છે. નારી જ ન હોય તો પુરુષો ક્યાંથી? મૂળે નાસ્તિ કુતો શાખા. આ કુરિવાજો, દહેજપ્રથા, સતીપ્રથા અને દહેજ માં વિનાશકારી પરિણામો આજે હવે દષ્ટિગોચર થઈ રહ્યાં છે. આજે સ્ત્રી-પુરુષ નો રેશિયો ભયજનક બની ગયો છે. લાયક કન્યાઓ ને માટે લાયક મુરતિયા મળતાં જ નથી. દિકરીઓ એ જ મા બાપ ને સંભાળે સાચવે એવા કિસ્સાઓ કેટલા બધા? દિકરાઓ ના સ્વભાવ, હિંસાખોરી ના સામે દિકરીઓ એ શું ગાજુ કાઢ્યું છે. અરે પોસ્ટ ગ્રેજ્યુએશન તો સહેજે સામાન્ય છે. પુરુષોના આવા દરેક ક્ષેત્ર લગ્નમેળાઓ માં ચાર ટકા ભાઈ રહી છે, વ્યવસાય કે નોકરી નું ભાગ્યેજ

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM
QUALITY ASSURED



કોઈ હોય છે. જ્યાં નારી નો સ્વીકાર કરતા ન હોય. દેશના વડાપ્રધાન, નાણાંપ્રધાન, સેના ના દરેક સ્તરે, વાણિજ્ય કે વાણિજ્ય સંચાલન બધે જ નારી શક્તિ છવાઈ ચૂકી છે.

વચલા સમય માં તેને ઘર માં ગોંધી રાખી તેના પર જુલમો આચર્યા. તેને શિક્ષણ થી હેતુપૂર્વક વંચિત રાખી ને જન્મતાવેંત અબળા ઉચ્ચારી તેનું મનોબળ તોડી નાખ્યું. આજે પરિસ્થિતિ એ ફરી પલટો ખાધો છે. નારી સ્વાતંત્ર્ય અને નારીશક્તિ ચરમસીમા એ ફરી પહોંચી ચૂકી છે.

પુરાતનકાળ માં પણ નારી સન્માનનીય અને સમકક્ષ ગણાતી. વિદુષી ગાર્ગી, ચૂડાલા, મદાલસા, અનસૂયા, શાંડિલી અરુંધતી જેવી અધ્યાત્મિક નારીરત્નો જે તે સમય ના સમાજ નો આધારરૂપ હતાં. આજે ફરીવાર નારી સન્માનીય સ્થાન હાંસિલ કરી રહી છે. Ladies are Commanding Respect again & again.

શક્તિભક્તો ઉપાસકો માટે આવા આશા હોય છે: 'તારે આત્માનું કલ્યાણ જોઈતું હોય તો નારી સ્ત્રી ની નિંદા ન કરવી. તેને પ્રહાર ન કરવો, તેના સાથે કુટિલતા ન કરવી, તેને અયોગ્ય, અપ્રિય વચન ન કહેવાં. તેનું ચિંતન કેવળ શક્તિ ઉપાસના અર્થે જ કરવું કારણ કે સ્ત્રી જ શક્તિ છે, જગદંબા છે.

ચાંદરપાડ એ જગદંબાનું ગામ છે. અહીં તેમની ક્રિડાઓ અને બુદ્ધિવિલાસો ના ભાવો છે જે રૂપકો છે અંતગુહ્ય છે. જ્યારે ભક્તનાં હૃદયે એનું સ્મરણ, મનન, ચિંતન કરીએ ત્યારે આ જે ચિન્મય શક્તિ છે તેનું તેજ આપણાં હૃદયને

www.qatm.com

part of VERDER scientific

અજવાળવા મોકે છે.

એ ચિન્મય શક્તિ આનંદ છે, જ્ઞાનસ્વરૂપ આત્મદેવ પરમાત્મા છે અને પ્રકૃતિદેવી એના કર્મશક્તિ છે. પુરુષ સત્યસ્વરૂપ પરમાનંદમાં પ્રકૃતિ સમાઇ જાય છે ત્યારે જ વિશ્રાંતિ થાય છે. પુરુષ પરમાત્માની પ્રકૃતિમાં પોતાને લીન કરે છે ત્યારે જ જીવનની પૂર્ણતાનો આનંદનો અનુભવ થાય છે. આનંદ વિસર્ગમાત્રનો પ્રેરક અને ઉત્પાદક છે. તેનું સાધન પુરુષના આત્મચૈતન્યના રૂપ: શક્તિ અથવા કર્મશક્તિ છે. આમ શક્તિપૂજામાં પ્રકૃતિ અને શક્તિ વગેરેને આનંદમય ચિતિ અર્પીને એમ પોતાને મુક્ત કરવો એવું લક્ષ્ય છે. સત્યના આ એક પહેલુ છે અને આ રીતે સચ્ચિદાનંદ સ્વરૂપ પામવાનો ક્રમ છે.

શક્તિનાં ~~મ~~મનોરમ્ય સ્તવનોથી અપૂર્વ આનંદ અને શક્તિઓ પ્રગટ કરી શકાય છે. માના પરાક્રમ ભરેલાઓ વાંચીને, ભજીને, સાંભળીને પરાક્રમ, શૌર્ય પ્રગટે છે. સાથે અપેક્ષિત છે કે સાધ~~ક~~ક ભક્તિવિનમ્ર થઇને સમર્પણ ભાવે સત્યના ઉપાસના માં ઉદાત્ત બને. આ સંસારરૂપી રાત્રિનો અવગાઢ ~~અંધ~~ અજ્ઞાનરૂપી અંધકારમાં જ્યારે સૌ સૂતા પડ્યા હોય છે, ત્યારે પણ વાત્સલ્યમયી મા ભગવતી સદૈવ જાગૃત હોય છે.

એક લગોલગ પડતાં જેમ અગ્નિનો ઉજ્જ્વળ પ્રકાશ ઝગમગતો રહે છે તેમ સંકલ્પ જગાવી, વિશ્વાસરૂપ ઘીમાં ભક્તિમાં આ પ્રકાશ પ્રગટેલ રહે છે. એ માટેના સાધના દુર્ગા સપ્તશતી - ચંડીપાઠ છે. જેમાં આત્મજ્ઞાનના નિદાનાર્થક સત્યપ્રવૃત્તિમાર્ગી પથિક સુરથ અને નિવૃત્તિ માર્ગનો જિજ્ઞાસુ સમાધિ નામે વૈશ્ય બંન્નેનાં શક્તિકથન, શક્તિસ્મરણ અને શક્તિ મનન અને શક્તિચિંતન થાય છે.

શ્રીમદ્ભગવદ્ગીતા પણ મિત્ર - સુહૃદને શરણે જવાનું કહે છે. અહીં પણ સુરથ અને સમાધિ મૈયાનાં શરણે ગયાં છે. આ ~~આત~~ આવતર થી આ ભવ્ય મંદિરને ખોલીને જુઓ, અમલ પ્રકાશ થી જીવનનો પ્રત્યેક અંક ઝગમગ ઉઠશે. ગરબાઓમાં જે દૈવ અને આસુરી સંપત્તિ કહેલ તેને આંકું ભગવતી શક્તિ જે અસુરોને સંહારે છે તે સરખાવી જુઓ.

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM QUALITY ASSURED



વાસ્તવમાં મનુષ્યનાં હૃદયમાં અને જીવન સમસ્તમાં જે દેવ-અસુર સંગ્રામ ચાલતો રહ્યો છે તેના જ આ વાત કહી છે. તેનું વર્ણન રહસ્યમાં ગૂઢ ચિંતન છે અને ભક્તિરસથી ભાવિત કરેલું છે.

અધ્યાત્મવાદીઓ તેને હૈમવતી (સુવર્ણા) વેદાંતી તેને લીલા, યોગીઓ તેને ચિત્તશક્તિ કહે છે. પૂર્વ મિમાંસક તેને દામમંત્રરૂપ ગણે છે. નૈયાયિક તેને નિત્યતાનો પરમાણુ અને સાંખ્ય તેને સૃષ્ટિકર્તૃત્વ તરીકે ઓળખાવે છે. વૈયાકરણો તેને શબ્દરૂપે પૂજે છે. તે શક્તિ ભગવતી સમસ્ત સ્વામિની છે. તે જ સર્વે દેવ છે, જ્ઞાન છે, વિશ્વેશ્વરી, લક્ષ્મી અને સરસ્વતી છે.

આ અદ્ભુત શક્તિનો સાચો ઉપાસક પરદ્રવ્ય પરદારા અને પરાપવાદથી વિમુખ હોય, સંયમી હોય અને જીતેન્દ્રિય હોય અન્યથા નહીં.

એક અદ્ભુત મંત્ર, જેના દ્વારા પત્નીરૂપે શક્તિ પ્રાપ્ત કરી શકાય માતાજીની પ્રાર્થના કરવામાં આવે છે. આ મંત્ર વડે અનેક યુવકો એ સુયોગ્ય પત્ની મેળવી શક્યા છે. તે સૌ આજે ખૂબ જ સુંદર લગ્નજીવન - ગૃહસ્થાશ્રમ વ્યતીત કરી રહ્યા છે જે અર્ગલાસ્તોત્રનો ૨૨ મો મંત્ર છે.

પત્ની મનોરમા દેહિ મનોવૃત્તાનુસારિણીમ ।
તારિણી દુર્ગસંસારસાગરસ્ય કુલોદ્ભવામ ॥.

હે દેવી! તું મને પત્ની આપ- જે મનોરમા હોય, મારી મનોવૃત્તિને અનુસરનારી હોય, ઉત્તમ કુળમાં જન્મેલી હોય અને દુસ્તર સંસાર-સાગરમાંથી તારનારી હોય! અસ્તુ ॥,

ભણે એક સર્વમંગલની ભાવનાવાળો, લિખા સેવા

www.qatm.com

part of VERDER scientific

(Form of world service) કરાવનારો તથા કુટુંબની આકૂળતાપૂર્વક શરણાગતિ સ્વીકાર કૃપા ના વાંછના કરતો મંત્ર -

ૐ સર્વમંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે
શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે.

(તમે સર્વ મંગલોમાં મંગલમય છો. તમે કલ્યાણદાયિની શિવા છો. તમે સર્વ અર્થોને સિદ્ધ કરનારા છો. તમે શરણ લેવાને યોગ્ય છો. તમે ત્રણ લોચનવાળા ગૌરી છો. હે નારાયણી તમને નમસ્કાર છે.)

આ મંત્ર વડે આપણા ચંડીપાઠ નાં સાતસો મંત્રોને આગળ-પાછળ ઉચ્ચારણ કરીને (સંપુટ કહેવાય) 1400 વાર તેનું ઉચ્ચારણ કરવાનો અવસર મળ્યા શકાય. વધુમાં સર્વમંગલ નું શુભ વાંછનારા શ્રેષ્ઠ પુણ્યફળ, સત્કર્મો નું ઉપાર્જન કરી શકાય.

વરાહપુરાણમાં 50 શ્લોકોનું અદ્ભુત દેવી કવચ આપેલ છે જેનાં અભ્યાસ-આવર્તન-ભક્તિ વડે વ્યક્તિ સ્વનું, કુટુંબનું અપમૃત્યુ, રોગ પીડા હરનાર શક્તિ ના કૃપા વડે રક્ષણ પામી ચિર આયુષ્ય સમૃદ્ધિ મેળવી જીવન જીવે છે. અને દેહાંતે દેવોને દુર્લભ એવું પરમ સ્થાન પામે છે,

ભયભીત રહેતાં માનવો નીચે મુજબ નાં મંત્ર વડે શક્તિ મા ના મદદ મેળવી નિર્ભય બની શકે છે.

ૐ સર્વસ્વરૂપે સર્વેશે સર્વશક્તિસમન્વિતે !
ભયેભ્યસ્ત્રાહિ નો દેવિ દુર્ગે દેવી નમોસ્તુતે !!

(સર્વ સ્વરૂપમાં રહેનારા, સર્વના અધીશ્વરી અને સર્વ શક્તિવાળા હે દેવી દુર્ગા તમે સર્વ ભયોથી અમારું રક્ષણ કરો. હે દેવિ ! તમને નમસ્કાર છે. !)

અન્ય અદ્ભુત મંત્ર છે.

નમો દેવ્યૈ મહાદેવ્યૈ શિવાયૈ સતતં નમઃ ।
નમઃ પ્રકૃત્યૈ ભદ્રાયૈ નિયતાઃ પ્રણતાઃ સ્મ તામ્ ।।

દેવીને નમસ્કાર, મહાદેવી શિવાને નમસ્કાર, ભદ્રા પ્રકૃતિને નમસ્કાર; નિયમપૂર્વક લળીલળીને, તેને અમારા નમસ્કાર.

આ ઉપરાંત, શરણાગત દીનાર્ત પરિત્રાણ પરાયણે !
સર્વસ્યાર્તિ હરે દેવી નારાયણી નમોસ્તુ તે ।।

હે દેવી ! તમે શરણાગત, દીન અને દુઃખિઓનાં રક્ષણ માં પરાયણ છો. તમે સર્વના પીડા હરનારાં છો. હે નારાયણી ! તમને નમસ્કાર છે. !

— — —

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

ૐ અપસર્પન્તુ તે ભૂતા યે ભૂતા ભૂમિસંસ્થિતાઃ ।
યે ભૂતા વિઘ્નકર્તારસ્તે નશ્યન્તુ શિવાજ્ઞયા ।

જે ભૂતો ભૂમિ પર વસેલાં છે તે દૂર રહો. જે ભૂતો વિઘ્નો કરનાર છે તે શિવની આજ્ઞાએ નાશ પામો. ભૂતો અને પિશાચો સર્વ દિશાએ થી ભાગી જાઓ. સર્વના વિરોધ વિના હું (જપ) કર્મ આરંભ કરું છું.

આમ બોલીને સર્વ ભૂતો હટાવવા.

તીક્ષ્ણદંષ્ટ્ર મહાકાય કલ્પાન્તદહનોપમ । ભૈરવાય નમસ્તુભ્યં અનુજ્ઞાં દાતુમર્હસિ ॥

તીક્ષ્ણ દાઢવાળા, મહાકાયવાળા, પ્રલયકાળના અગ્નિ જેવા હે ભૈરવ! તમને નમસ્કાર કરું છું, તમે મને અનુજ્ઞા આપો.

હવે દેવતા મંડપ ના ચાર દ્વાર નું ચિંતન કરો.

ૐ અંતરિક્ષે રક્ષોત્તિષ્ઠ અરાતય હું ફટ એમ બોલી મંડપ ના અંતરિક્ષ માં અક્ષત નાખો.

ડાબી બાજુએ ગં ગુરુભ્યો નમઃ,
જમણી બાજુએ ભં ભદ્રકાલ્યૈ નમઃ
ઉપર ગં ગણપતયે નમઃ નમસ્કાર કરવાં.

હવે મૂળ મંત્ર નો ઉચ્ચાર કરીને દિવ્ય દ્રષ્ટિના અવલોકન થી દિવ્ય વિઘ્નો નું ઉત્સર્જન કરવું ૐ ફટ વડે પ્રોક્ષણ કરી અંતરિક્ષ માં રહેલાં વિઘ્નો નું ઉત્સર્જન કરવું.

ફરી ૐ ફટ વડે ડાબા પગના પાની ત્રણ વાર ઠોકી વિઘ્નો નું ઉત્સર્જન કરવું.

બાદ ૐ અસ્ત્રાય ફટ કહી ત્રણ તાળી પાડી દિશા નું બંધન કરવું.

હવે ૐ નમઃ સુદર્શનાય અસ્ત્રાય ફટ વડે ચપટી વગાડી વહ્નિ [illegible]

www.qatm.com

part of VERDER scientific

ત્રણ પ્રકારોની ભાવના કરવી.

ભૂતશુદ્ધિ: મૂળ મંત્રથી આચમન અને પ્રાણાયામ કરી.
ૐ હું એ બીજ વડે કુંડલિની ને જગાડવી અને હૃદયમાં રહેલાં દીપક
કળાનાં જેવાં આકારવાળા જીવનું ૐ હંસ: મંત્ર વડે બ્રહ્મ માં સંયોજન કરવું.
પછી ડાબી કુક્ષ માં રહેલાં અસત વાસનાવાળા પાપયુક્ત પુરુષ નું ધ્યાન કરવું
અને 'યં' વાયુબીજ થી 32 વાર આવર્તન કરી શોષણ કરવું.
રં અગ્નિબીજ થી 64 વાર આવર્તન કરી દહન કરવું
યં વાયુબીજ થી 16 વાર " " તે ભસ્મનું રેચન કરવું

બ્રહ્મરંધ્રગતે ચંદ્રમંડલઅમૃતવર્ષિણમ્ ।
ભાવના ભૂમિશુદ્ધિઅર્થે ભાવયેદમૃતેશ્વરમ્ ॥
તતસ્તન્મૌલિનિર્યદ સુધાકલ્લોલ વૃષ્ટિભિ: ।
સિંચયે માનસા ~~માર્ગે~~ (ડાબે) ને ભૂમિશુદ્ધિ વિધૈ મંવિત ॥

ભૂતશુદ્ધિ: ઇડા થી વાયુ ને પુરી કુંભક કરવો.
- હવે. લં વં રં યં હં આ પંચભૂતબીજ વડે એકવાર
- આવર્તન કરવું.
- હવે પિંગલા (જમણે) વડે રેચન કરવું.

- અમૃતબીજ 'વં' થી પ્રાણાયામ કરી સદ્ભાવના વાળું દેવ શરીર ઉત્પન્ન કરવું
- સોઽહં મંત્ર વડે કુંડલિની ને બ્રહ્મ સાથે જોડાડી તેમાં રહેલાં જીવને હૃદય માં સ્થિર કરી કુંડલિની મૂલાધારે ગઈ છે એવી ધારણા કરવી.

પ્રાણપ્રતિષ્ઠા: (હૃદય પર હાથ મૂકી ॐ आं ह्रीं क्रों ઉચ્ચારો.
હવે ભાવના કરો: મારાં પ્રાણ, મન, ત્વચા, ચક્ષુ, શ્રોત્ર, જિહ્વા અને ઘ્રાણેન્દ્રીય જેવા છે તેવા આવે થાઓ તથા સુખરૂપ થઈ તેમાં નિવાસ કરો.)

ॐ आं ह्रीं क्रौं मम प्राणा इह प्राणा: ॐ उ
मम जीव इह स्थित:
मम सर्वेन्द्रियाणि
मम वाक्मनस्त्वक्चक्षु श्रोत्रजिह्वाघ्राणप्राणा
इहागत्य सुखं चिरं तिष्ठन्तु स्वाहा ।।
ॐ असुनीते पुनरस्मासु चक्षु: पुन: प्राणमिह नो धेहि भोगं ।।
ज्योक् पश्येम सूर्यमुच्चरन्तमनुमते - मृळया न: स्वस्ति ।।

મમ ગર્ભાધાનાદિ પંચદશ સંસ્કાર સિદ્ધ્યર્થં પંચદશપ્રણવાવૃત્તિ કરિષ્યે

ગર્ભાધાન આદિ પંદર પ્રકારનાં સંસ્કારોના સિદ્ધિ માટે હું પંદર પ્રણવઆવૃત્તિ કરું છું એમ કહીને પંદર વાર ૐકાર જપવો.

- દૈવી વાક્કિવર્ણાં ભવતુ સુશ્વરી પ્રાણશક્તિઃ પરા નઃ ॥ પરા પ્રાણશક્તિ દેવી અમને સુખકર થાઓ. સુપ્રતિષ્ઠિતમસ્તુ એમ કહીને પ્રાણપ્રતિષ્ઠા કરવી.

માતૃકાન્યાસ

अं नमः : કપાળ પર, आं नमः : મુખ પર इं नमः : જમણી આંખ
ईं नमः : ડાબી આંખ, उं नमः : જમણો કાન ~~ऊं~~ ऊं नमः : ડાબો કાન
ऋं नमः : જમણી નાસિકા ॠं नमः : ડાબી નાસિકા लृं नमः : જમણું ગંડસ્થળ (ગાલ)
ॡं नमः : ડાબું ગંડસ્થળ. एं नमः : ~~નાક~~ ઉપલો હોઠ ऐं नमः : નીચેનો હોઠ
ओं नमः : ઉપલા દંત પંક્તિ औं नमः : નીચલા દંત પંક્તિ अं नमः - મસ્તક
अः नमः : મુખ. कं नमः : જમણું બાહુમૂળ खं नमः : જમણી કોણી. गं नमः : જમણો મણિબંધ
घं नमः : જમણા હાથના આંગળાનાં મૂળ ङं नमः : જમણા આંગળાનાં અગ્રભાગ.
चं नमः : ડાબા બાહુમૂળ छं नमः : ડાબી કોણી. जं नमः : ડાબો મણિબંધ
झं नमः : ડાબો મણિબંધ ञं नमः : ડાબા આંગળાનાં મૂળ टं नमः : ડાબા આંગળાનાં અગ્રભાગ.
ठं नमः : જમણા પગ મૂળમાં डं नमः : જમણા ઘૂંટણ. ढं नमः : જમણા ગુલ્ફમાં
णं नमः : જમણા પગ આંગળાનાં મૂળ तं नमः : જમણા પગ આંગળાનાં અગ્રભાગ.
थं नमः : ડાબા પગ મૂળમાં दं नमः : ડાબા ઘૂંટણ धं नमः : ડાબા ગુલ્ફમાં
नं नमः : ડાબા આંગળાનાં મૂળ तं नमः : ડાબા આંગળાનાં અગ્રમાં पं नमः : જમણા પડખે
फं नमः : ડાબા પડખે बं नमः : પીઠમાં भं नमः : નાભિમાં मं नमः : ઉદર
यं नमः : હૃદય रं नमः : જમણા ખભે लं नमः : ખાંધે वं नमः : ડાબા ખભે.

શં નમઃ હૃદયથી જમણા હાથના અંત સુધી. ષં નમઃ હૃદયથી ડાબા હાથના અંત સુધી.
સં નમઃ હૃદયથી જમણા પગના અંત સુધી. હં નમઃ હૃદયથી ડાબા ~~હાથ~~ પગના અંત સુધી.
ળં નમઃ જઠર. ક્ષં નમઃ મુખને વિશે. પ્રણવ સર્વસ્થળે એમ કરી તત્ત્વમુદ્રા વડે માતૃકાન્યાસ કરવા. પછી મૂળમંત્રથી આસન અને પ્રાણાયામ કરવા.

ॐ दीप देवस्वरूपस्त्वं कर्मसाक्षी ह्यविघ्नकृत् ।
यावत्कर्मसमाप्तिः स्यात्तावत्त्वं सुस्थिरो भव ॥

હે દીપ! તું દેવસ્વરૂપ છે, કર્મસાક્ષી છે અને અવિઘ્ન કરનાર છે. જ્યાં સુધી આ પૂજાકર્મ સમાપ્ત થાય ત્યાં સુધી તું સ્થિર રહેજે.

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा ।
यः स्मरेत् पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः ॥

પવિત્ર કે અપવિત્ર હોય, ગમે તે અવસ્થામાં આવી પડ્યો હોય, છતાં જે પુંડરીકાક્ષ ભગવાન વિષ્ણુનું સ્મરણ કરે તે બહારથી અને અંદરથી પવિત્ર થાય છે.

ॐ आवरणदेवताभ्यो नमः । આવરણદેવોને નમસ્કાર.
श्री महाकालीमहालक्ष्मीमहासरस्वतीभ्यो नमः ।
શ્રી મહાકાલી મહાલક્ષ્મી મહાસરસ્વતીને નમસ્કાર.
ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे नमः

આ નવાર્ણમંત્ર અર્થરૂપ છે. ऐं વાગ્રૂપે ह्रीं માયાશક્તિરૂપે હૃદયની લેખા છે. क्लीं એ બ્રહ્મથી થયેલ કામરૂપે છે. ચામુણ્ડાયરૂપથી છઠ્ઠો અક્ષર ચ તે ~~મ~~ મુખરૂપે છે. આ ચ आ સાથે જોડાવાથી चा થાય છે. મ સૂર્યરૂપ છે. ડકારાગ્રે પાંચમો સ્વર ઉ છે. અને બિંદુ અનુસ્વારરૂપ છે. તેથી मुं બીજ થાય છે. તેથી ત્રીજો અક્ષર ડ છે. આ ડ નારાયણરૂપ आ સાથે મળવાથી डा થાય છે. ~~विच्चे શબ્દ~~
ય કાર વાયુરૂપ છે. આ વાયુ અધરોષ્ઠવાળા બારમા સ્વર સાથે મળવાથી यै થાય છે. विच्चे આ શબ્દ સાતે બીજરૂપ છે - ઉપાસકોને આનંદ આપે છે. અને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે.

ધ્યાનઃ निर्मूलनिखिलपापान्ते नित्यमुक्ते परात्परे । अखंडब्रह्मविद्यायै ~~चित~~ चित्सदानन्द-रूपिणी अनुसन्दध्महे नित्यं वयं त्वां हृदयाम्बुजे ॥

હે દેવી! તમે નિખિલ પાપોનો નાશ કરનારા છો. તમે નિત્યમુક્ત છો. તમે પરથી પણ પર છો. તમે અખંડ બ્રહ્મવિદ્યારૂપ છો. તમે સચ્ચિદાનંદ સ્વરૂપ છો. અમે અમારા હૃદયકમળમાં નિત્ય તમારું ધ્યાન કરીએ છીએ.

– – – –

MATERIALOGRAPHY &
HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

# શૈવ-દર્શન.

ભગવાન શિવ ના ઉપાસના પુરાતન સભ્યતા સિંધુ ખીણ ની સંસ્કૃતિ માં પણ જોવા મળી હતી. આ શૈવ-સંપ્રદાય તેની ભક્તિ ઉપરાંત વિજ્ઞાન માં મહત્વની ભૂમિકા ભજવી હતી. આથી ·0 આંતરરાષ્ટ્રીય સમયરેખા ·0 International time, મહાકાલ ની નગરી ઉજ્જૈન થી નિર્ધારિત કરવામાં આવી હતી. આજે પણ ત્યાં 85 ft ઉંચી વૈદિક ઘડિયાળ છે જે પુરાતન ગણતરી પ્રમાણે સમય માપી શકે છે.

શિવભક્તિ આંદોલન છઠ્ઠી સદીમાં સંત નૈનર દ્વારા શરૂ થયેલું તેમાં માત્ર બ્રાહ્મણો જ નહીં પરંતુ તમામ જાતિ અને સંપ્રદાયો હતાં કારણકે શિવ સહુનાં છે. જોકે ઘણાં લોકોને તેનાં પુસ્તકો આગમ-શાસ્ત્ર, સ્પંદ શાસ્ત્ર અને પ્રત્યભિજ્ઞા શાસ્ત્ર જે શૈવ-દર્શન નાં અત્યંત પ્રમાણભૂત ગ્રંથો છે તેનો ભાગ્યે જ ખ્યાલ હશે. પરિણામે ઘણાં લોકો શૈવ-દર્શન ને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ થી જોતાં નથી.

શૈવ-દર્શન જે કાશ્મીર માં ખુબ જ વ્યાપક હતું તે આજ ના વિજ્ઞાન સાથે કેવી રીતે સાંકળી શકાય ?

ભારત નાં અલગ અલગ સમય અને સ્થળો એ અલગ અલગ શીવ સંપ્રદાયો અને માન્યતાઓ પ્રચલિત હતી. પરંતુ આ બધાનાં આરાધ્ય દેવ ભગવાન શીવ હતાં. કેટલાંક તેમને ભક્તિ, અથવા જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવા ચાહતા હતા તો કેટલાંક તેમને તાંત્રિક પદ્ધતિઓ દ્વારા રીઝવતાં હતાં.

સૌથી પ્રાચીન પુસ્તક ઋગ્વેદ માં તેમનો ઉલ્લેખ રુદ્ર તરીકે થયેલો છે.

યજુર્વેદ માં વાજસનેય સંહિતા માં શતરુદ્રીય ~~સંહિતા~~ મંત્રો ના અંદર રુદ્ર ને તમામ લોકોનાં સ્વામી તરીકે સંબોધ્યા છે. રામાયણ, મહાભારત મહાજનપદ કે ગુપ્ત કાળ માં શૈવ સંપ્રદાય અતિ લોકપ્રિય હતો.

સમય જતાં કાપાલિક આવ્યા જેઓ સ્મશાન ની ભસ્મ લાવીને લગાવતાં અને માનવ-બલિદાન વિધિઓ કરતાં. આઠમા સદી માં ૬૩ સંતોએ મળીને તામિલનાડુ માં શિવ-ભક્તિ આંદોલન શરૂ કર્યું. જેનાં પરિણામ રૂપે આગળ ~~લિંગ~~ લિંગાયત નો આવિર્ભાવ થયો. સમય જતાં ઉદારવાદી શૈવ સંપ્રદાય સમગ્ર ભારત માં પ્રસરી ગયો. નવમા સદી માં વાસવગુપ્ત નામે એક વિદ્વાન આવ્યા જેમણે કાશ્મીર-શૈવ-સંપ્રદાય સ્થાપ્યો. આ સંપ્રદાયે કાપાલિકો ના બલિદાન પ્રથા નો, પાંચ મકાર નો ઉગ્ર વિરોધ કર્યો અને કહ્યું કે જ્ઞાન દ્વારા જ ભગવાન શિવ ને પામી શકાય છે.

કાશ્મીર શૈવ સિદ્ધાંત મુજબ શિવ તત્વમાં ગણ-દ્વૈત, અદ્વૈત શક્તિ છે. જગતગુરુ આદિ શંકરાચાર્યે પણ અદ્વૈત ને સ્વીકારી તેનો ખૂબ પ્રચાર કર્યો. પરંતુ આદિ શંકરાચાર્ય નાં અદ્વૈત કરતાં કાશ્મીરી શૈવ-સિદ્ધાંત થોડો અલગ પડે છે.

જ્યાં આદિ શંકરાચાર્યજી માને છે કે બ્રહ્મ એ અંતિમ સત્ય છે અને જગત માયા છે. માયા નાં કારણે આપણે જગત જોઈએ છીએ વાસ્તવ માં જગત જેવું કાંઈ નથી. બીજી બાજુ કાશ્મીરી શૈવ સિદ્ધાંત મુજબ શિવજી ને આદિ શંકરાચાર્ય નાં બ્રહ્મ ના માફક અંતિમ સત્તા ગણાવાયા છે. પરંતુ તેમને અદ્વૈત ન ગણતાં આ જગત તેજ તેમનું રૂપ છે. અને તેથી જગત મિથ્યા ગણાવાતું નથી. ~~આથી એમ કહી શકાય કે~~ અહીં શિવ તત્વ માં કેટલાક શક્તિઓ નિહિત ગણાવાઈ છે. તે ચિત્ત, આનંદ, જ્ઞાન, ક્રિયા અને ઇચ્છા. છે જેનાં વડે જગત ની રચના થાય છે. કાશ્મીરી શૈવ-સિદ્ધાંત જગત ને મિથ્યા માનતું નથી. અહીં જીવ એ શિવ રૂપે જગત ના રચયિતા છે. અહીં આપણે પણ શિવ જ છીએ એવું મનાય છે. પરંતુ જ્ઞાન નાં અભાવ ને લીધે આપણે સત્ય સ્વભાવ પકડતા નથી અને જ્યારે આપણે આ અજ્ઞાન ઓળંગીને શિવ સાથે એકાકાર સાક્ષાત્કાર થાય છે. ઉપનિષદ માં પણ અહં બ્રહ્માસ્મિ કહે છે, તો જ્યારે અજ્ઞાન ના પડદા ખસતાં શિવભક્ત પોતાની અંદર નાં શિવ નાં દર્શન કરીને કહે છે શિવોઽહમ્, શિવોઽહમ્. અહીં શિવોઽહમ્ સ્થિતિ ને મોક્ષ કહે છે.

10 મા સદી માં કાશ્મીર શૈવ સિદ્ધાંત સંપ્રદાય માં એક મહાન દાર્શનિક અભિનવગુપ્ત નો જન્મ થયો તેમણે

પ્રત્યાભિજ્ઞાહૃદયમ્ ની રચના કરીને શૈવદર્શન અને શૈવ સંપ્રદાય પર વૈજ્ઞાનિક સમજણ પર વિગતવાર જણાવ્યું. તેમણે અન્ય પુસ્તકો પણ લખ્યા છે.

જ્યારે પ્રત્યાભિજ્ઞાહૃદયમ્ નું પ્રથમ સૂત્ર કહે છે કે ચિતિ હી સ્વતંત્રા વિશ્વ સિદ્ધિ હેતુ. એટલે કે સ્વતંત્ર મન વિશ્વ નાં જ્ઞાન-પ્રકાશ માટે જવાબદાર છે. અહીં જગત જેને કહીએ છે તે આ સમસ્ત બ્રહ્માંડ અખિલ સર્વકાંઈ સદાશિવ માં જ અસ્તિત્વ ધરાવે છે. તદ્ ઉપરાંત સર્જન, પાલન અને સંહાર ને સિદ્ધ કરે છે. અને તેનું કારણ સ્વતંત્ર ચિતિ જ છે.

સાંખ્ય માં પ્રકૃતિ ને કારણ ગણ્યા તે મૂળ પ્રકૃતિ જ વિશ્વ રચયિતા છે એમ જણાવે છે. જો તમે અદ્વૈત માં જાવ તો જગતગુરુ શંકરાચાર્ય કહે છે કે જગત ના ઉત્પત્તિ નું કારણ માયા છે. કારણ કે જગત મિથ્યા છે અને તે માયા ને લીધે જ દેખાય છે.

શૈવ-દર્શન માં જગત નું કારણ ચિતિ છે. તે શું છે? પ્રત્યાભિજ્ઞાહૃદયમ્ પ્રમાણે ચિતિ ને અંતિમ ચૈતન્ય અને સર્વોચ્ચ ચૈતન્ય ગણેલ છે. જે ત્રણેય નો મૂળ સ્વભાવ માનેલ છે. હવે પ્રમેય, પ્રમાતા અને પ્રમાણ સમજો.
સામે ની વસ્તુ કે પદાર્થ એ પ્રમેય છે.
સાધન કે જ્ઞાન જેના વડે તેનું જ્ઞાન થાય તે પ્રમાણ છે.
જે તેના વિશે જાણે છે તે પ્રમાતા છે. આ ત્રણે નાં મૂળ માં ચિતિ, સર્વોચ્ચ ચૈતન્ય રહેલ છે.

સાંખ્યમાં બધું જ મૂળ પ્રકૃતિ માંથી રચાયેલું છે. ત્યાં ચૈતન્ય અલગ જ રહે છે અને તેને ત્યાં પુરુષ કહે છે.

જ્યારે શૈવ-દર્શન મુજબ ચૈતન્ય જ બધું રચે છે અને ચૈતન્ય એ જ સદાશિવજી છે જે આપણી અંદર(પણ) જ વિદ્યમાન છે. આમ શિવતત્વ ચિત્ત છે જેનાં વડે સદાશિવ ને પહોંચી શકાય છે.

હવે ત્રીજા સૂત્ર માં જણાવ્યું છે કે કેવી રીતે આ જગત નું વિભાજન થયું છે. કારણ કે પ્રમાતા અને પ્રમેય અલગ ભાવ માં છે. પ્રમાતા એટલે જે જાણે છે અને પ્રમેય એટલે જેનાં વિષે તે જાણે છે. બન્ને જુદા છે આથી જગત ભિન્ન ભાસે છે તે 6 રીતે.

1- સદાશિવ તત્વ
2- ઈશ્વર તત્વ
3- વિદ્યા તત્વ
4- વિજ્ઞાન કાલ
5- પ્રલય(કાલ) કેવલી
6- સકલ

સકલ એટલે ભૌતિક જગત જેમાં આપણે સૌ જીવીએ છીએ. સકલ થી સદાશિવ તત્વ સુધી પ્રમાતા અને પ્રમેય માં 6 પ્રકાર ની ભિન્નતા જણાય છે. જેમ તમે ઉપર નાં સ્તર ભણશો તો ભિન્નતા ઓછી થતી જશે. જો કે શિવ પરમાત્મા દરેક સ્તરે વિદ્યમાન જ છે. આપણે તેનો મૂળ સાક્ષાત્કાર ઉચ્ચ સ્તરે જ કરીએ છે.

હવે જુઓ કેટલું આધુનિક વિજ્ઞાન આ કાશ્મીર શૈવ-સિદ્ધાંત માં રહેલું છે. ચોથા સૂત્ર માં જણાવે છે કે આપણી ચેતના એ ચિત્ત નું અલ્પરૂપ જ છે. આમ આપણું ચૈતન્ય ભગવાન શિવ નું સંકુચિત રૂપ જ છે. જો જગત ને શિવજી નો દેહ ગણીએ અને ભગવાન શિવ પાછા આપણી અંદર પણ છે. તો પછી આપણે જ સમગ્ર જગત છીએ. માત્ર તફાવત એટલો કે ભગવાન શિવ-શક્તિ અંદર સંકુચિત રૂપ માં હોવાથી સમગ્ર જગત પણ અંદર સંકુચિત રૂપે રહેલ છે. જ્યારે શિવજી નું વિશાળ દેહ સમગ્ર જગત અનંત ભાસે છે. પરંતુ જગત તમારા દેહ માં તમારા દેહ પ્રમાણ છે. 5 થી 6 Feet. પરંતુ જેટલું

સિદ્ધાંતિક રીતે બન્ને એક જ છે. જેમ એક જ તત્વમાંથી બન્યા છે જ્યારે તે તત્વ સર્વોચ્ચ બને ત્યારે તે ચિતિ બને છે. જ્યારે તે તમારા દેહમાં દાખલ થાય તેને ચિત્ત કહે છે જે તમારું જ અંગ છે. આમ પ્રત્યેક જીવંત વ્યક્તિ વૈશ્વિક ચૈતન્ય સાથે જોડાયેલું છે. અને બહુ આપણે જોઈશું હવે. નિરીક્ષણ અને ક્વોન્ટમ ફીઝીક્સ સંગત કરે છે.

જ્યારે કહે છે કે એક અસ્તિત્વનાં તમામ અંગો એકબીજા સાથે જોડાયેલાં હોય છે અને તેથી તે અસ્તિત્વનાં તે બધા અંગરૂપ છે. અન્યથા તે બધાં છૂટાં પડી જતાં અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે. આ નિરીક્ષણ આજના વિજ્ઞાન સાથે સંબંધિત છે. ક્વોન્ટમ ફીઝીક્સમાં એક 'નિરીક્ષક અસર' Observer effect ની વાત છે. જેમાં નિરીક્ષક દ્વારા નિરીક્ષણ થવાથી સ્થિતિમાં બદલાવ આવે છે.

પાંચમા સૂત્રમાં સ્પષ્ટ છે કે ચિતિ આપણાં ચિત્તને રચે છે. જો ચિતિ અલગ સ્તરોએ રચે તો તે કેવી રીતે? નિયમ એવો છે કે ચિતિ એવા જ ચિત્તને બનાવે છે જે પ્રકારની વસ્તુઓને ગ્રહણ કરવાના હોય છે. આમ ચિતિ ચિત્ત બને છે પરંતુ અલગ અલગ સ્તરે તે અલગ રીતે બને છે. ઉપરનાં સ્તરે ચેતના સોપાન વધુ હોય છે જ્યારે નીચેનાં સ્તરે તે સંકુચિત થાય છે તે પોતાને ત્યાં સંકોચી લે છે. આમ જ્યાં આપણે હોઈએ તે સ્તરે ખુબ જ ભેદ દેખાય છે. પરંતુ જેમ જેમ સ્તરથી ઉપરનાં સ્તરે ~~જવ~~ જવાથી ચિત્તનો વધુ વિકાસ થતો જાય છે અને સોપાન ઉપરનાં સ્તરે તે પૂરી ચિતિ બની જાય છે. આમ જે ચિત્ત છે તે ગ્રહણ કરવાના વસ્તુઓ અને વિષયો મુજબની

જણાય છે. આમ જે પ્રકારનાં વિષયો કે વસ્તુનું નિરીક્ષણ કરીને ગ્રહણ કરાય તે મુજબનું ચિત્ત હોય છે. આથી નિરીક્ષકનાં નિરીક્ષણના સ્થિતિમાં બદલાવ આવે છે. તદુપરાંત આપણે જોઈએ છે કે નિરીક્ષકનાં ચેતનમાં પણ તે જે સ્થિતિને જુએ છે તેનાથી અસર પામે છે. આમ દર્શનમાં નિરીક્ષકની અસર જોવા મળે છે.

તમે આ ઉપરાંત superposition ની ધારણા વિષે જાણતાં હશો. ક્વોન્ટમ ફીઝીક્સમાં તે સબએટોમિક લેવલ પર લાગુ પાડવામાં આવે છે. ત્યાં ખુબ અનિશ્ચિતતા જોવા મળે છે ત્યાં ચોક્કસ માપવાનું (to measure) શક્ય બનતું નથી તેમાં અપાર શક્યતાઓ હોય છે. જ્યારે તમે દરેક ~~માપ~~ માપો છો તમે કહી શકો કે કેટલાં ઈલેક્ટ્રોન પાસ થયા પરંતુ તે ક્યાંથી પાસ થયા તે કહી શકાતું નથી જ્યાં એક ઈલેક્ટ્રોન કોઈ અલગ અલગ જગ્યાએ હોઈ શકે છે. તેને ક્વોન્ટમ સુપરપોઝીશન કહે છે. હવે સાતમા સૂત્રમાં આપણે આ વાત જોઈ શકીએ છીએ.' શિવતત્વ શક્તિ અલગ રૂપોમાં એક સાથે હોઈ શકે છે. આ વાત બે, ત્રણ, ચાર કે સાત આયામોમાં હોઈ શકે છે. આપણે ફક્ત સમજી ગયા. જ્યાં ચેતનાના પ્રધાનતા હોય છે. જ્યાં પ્રકાશના પ્રધાનતા હોય છે અને જ્યાં સંકુચન હોય ત્યારે તે ચિત્ત બની જાય છે આમ શક્તિ જ ચિત્ત બને છે. જ્યારે તે ઉપર તરફ જાય છે વ્યાપક બને છે તો તે ચિત્ત જ શક્તિ બની જાય છે. આમ બે સ્વરૂપમાં શક્તિ જ ચિત્ત બને છે અને ચિત્ત પાછું ઉપર તરફ જાય ત્યારે પ્રકાશના જેમ શક્તિ બની જાય છે. આવું છે શિવતત્વ. જ્યારે તે આવરણ, માયા અને કર્મ દ્વારા આવરાય ત્યારે તે ત્રિમલ બને છે. હવે ચિત્ત શૂન્ય પ્રાણ, પુર્યષ્ટક અને સ્થુળ શરીર ચાર આવરણ વડે આચ્છાદિત ચતુર્વિધ બની જાય છે. આમ શક્તિ એક જ સમયે અલગ અલગ રૂપોમાં રહી શકે છે. જ્યારે આપણે તેનું બરાબર નિરીક્ષણ કરીએ ત્યારે તેનાં કાર્યરૂપો બંધ થઈ આપણે શક્તિની મૂળ અવસ્થાએ પહોંચી જઈએ છીએ. આવું અદ્ભુત છે કાશ્મીર શૈવ-દર્શન.

MATERIALOGRAPHY & HARDNESS TESTING

QATM
QUALITY ASSURED

## दुर्भोपनिषद्

गुरुर्वै सदा पूर्ण महैव तुल्यं प्राणो बजार्थै वहितं सदैव ।
चिन्त्यं विचिन्त्यं भव मेक रूपं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ १
गुरुर्वै प्रपञ्चार्तवैवां वदैवं अत्योर्वलां वै प्रहितं सदैवं ।
दैवात्वमेव भवतं सहि चिन्त्य रूपं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ २
सतं वै सदातं दैवात्क्ष्योवै प्रातोर्भवेवै सहितं न दिर्घ्यै ।
पूर्णातिपरांपूर्ण महैव रूपं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ ३
अद्वेयं वदैवं चिन्त्यं सदैतं प्रवेष्टि रूपं चरणं सदैवं ।
आत्मा सता पूर्ण महैव चिन्त्यं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ ४
चैतन्य रूपं अपरं सदैव प्राणादेवं चरणं सदैव ।
सतार्थै सदैवं भवतं वदैवं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ 5
चैतन्य रूपं भवतं सदैव, श्वासोच्छ्वासे सहितं तदैव ।
दैवात्यां पूर्ण महैव शक्ती, गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ 6
न तातो वतान्यै न मातं न भ्रातं न देहे वदान्यै पत्निवितेवं ।
न ज्ञानासि वित्तं न वृत्ति न रूपं गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ 7
त्वदियं त्वदेयं भवतं भवेयं, चिन्त्यंविचिन्त्यं सहितं सदैव ।
आर्तीनवातं भवत्येक नित्यं, गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ 8
अवतं सदैवं भवतं सदैवं, स्नातं सदैवं ~~अवतं~~ चिन्त्यं सदैवं,
~~गुरुर्वै शरण्यं~~
पूर्णं सदैवं अवतं सदैवं, गुरुर्वै शरण्यं गुरुर्वै शरण्यं ॥ ९

- - - - -

www.qatm.com

part of VERDER scientific

भैरव मंत्र

भ्रं भ्रं भ्रां पूर्णतं क्रोधस्वरूपं
भ्रां भ्रां धनेप वंडितां भयनेव नित्यं ।
धूं धूं सत्तां पूर्व सदैव नित्यं वद्धान्ये
ह्रीं ह्रीं क्रों ~~ख~~ वरुणां भवतं वदेन ।। (1)

हुं हुंकार रूपं गळजनजाभ्यं
भ्रां भ्रां धलाटुं पूर्व सदैव ।
ग्रां ग्रीं सलेव गडुलां गडुधं गडेव
हुं हुं हुंकार रूपेण भाविलां सदैव ।। (2)

कालोकला क्रों क्रों ललपं सदैव
क्रीं क्रीं वलैव वर्णां ववैव वेवं ।
भैरव सर्जं भवतां रुजोदु वद्धान्ये
डुपस्वरूपं रुपं ~~स~~ त्वं सचेलन ।। 3

ब्रह्मस्वरूपं कर्माअहं करिष्ये !

પરબ્રહ્મસ્વરૂપ ૐકાર ને હું નમસ્કાર કરું છું
ૐકારસ્વરૂપ પ્રણવબ્રહ્મને હું ધારણ કરું છું.
તે બ્રહ્મ હું છું.

ૐ હ્રીમ: મમ પ્રાણાહં રોમ: પ્રતિરોમ: ચૈતન્ય
જાગ્રય: હ્રીમ: ૐ નમ: ॥

ૐ પરમતત્ત્વાય નારાયણાય ગુરુભ્યો નમ: ॥

ૐ ભૂ: ભુવ: સ્વ: તત્ સવિતુર વરેણ્યં ભર્ગો
દેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ॥

ૐ પૂર્ણ: સત્યં ~~સ: શિવે~~ વૈ શામ ગુરુર્વૈ શ્રી શિવ
શિવ આનન્દમ ~~અ~~ આમ શિવ: સત્યં વૈ શિવતમ્
ગુરુર્વૈ શ્રી સત્ય:
પરિપૂર્ણો વૈ, અહં બ્રહ્માસ્મિ ॥

હું પરબ્રહ્મ પરમઆત્માય પરમતત્વ.

હું જન્મોજન્મથી, આજ દિન સુધી થયેલાં
આચાર, આહાર, વિહાર, ઉચ્ચાર, વિચાર અને દૃષ્ટિસંબંધી,
પરમાત્મા સંબંધી થયેલાં તમામ કર્મદોષોની ક્ષમા
માંગું છું. આલોચના, પ્રતિક્રમણ, પ્રતિઆખ્યાન કરું છું
આ સર્વે કર્મસમૂહો મિથ્યા હોવાથી નષ્ટ થાવ - ૩-
આ જ ક્ષણે તેનો કેવળજ્ઞાન માં લય થાવ.

હું બ્રહ્મ જ છું. મારો ભાવ સત્તા થી હું કેવળબ્રહ્મ છું

નિત્ય હું અવિનાશી છું
શુદ્ધ હું સુક્ષ્મતમ છું
નિરાકાર હું સર્વ વ્યાપક છું.
નિર્લેપ હું પરમજ્યોતિ છું
નિરંજન
નિર્વિકાર
અસંગી
અવાક્
અવાચ્ય
અકથનીય
અમૂર્ત
અરૂપી
અનામી
અવ્યાબાધ
એક જ

મારા પાંચે પ્રાણ, પાંચ તત્વો, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો
પાંચ કર્મેન્દ્રિયો, સાતેય કોષો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર
આખોય સંસાર ભાવ, વિચારો, લાગણીઓ, વૃત્તિઓ, આવેગો
કર્મો શુદ્ધ થાવ, -3- સ્વાહા.
હવે; હું પવિત્ર, પાપરહિત બ્રહ્મજ્યોતિ સાથે એકરૂપ જ છું.

# VishwaDev Yagna.

**ॐ प्राण, अपान, व्यान, उदान समानामे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

ૐ મારા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન ...પાંચે વાયુ શુદ્ધ થાઓ,
હું પવિત્ર પાપ રહિત જ્યોતિ સ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ पृथ्वी जलं वह्निं वायुः तेजो आकशम् मे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ..... પાંચે મહાભૂતો શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ शब्द, स्पर्श, रूप, रस गन्धमे ..... शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ..... બધા જ સંવેદનો શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ मन्नोवाकायम् कर्माणि मे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારા મન, વાણી, શરીર તેમજ કર્મો શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ अन्नप्राणमय, मनोमय, विज्ञानमय आनन्दमयामे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય બધા જ કોષો શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ आत्मामे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારો આત્મા શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ अङन्तर आत्मामे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારા અંતરાત્મા શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ (સ્વરૂપ) સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ परमात्मा मे शुद्धिताम् ।**
**ज्योतिरह्म् (ज्योतिर् अहं) विर्जाविपाम्मा भूयासं स्वाहा।**

મારૂ પરમાત્મા તત્વ શુધ્ધ થાઓ.
હું પવિત્ર અને પાપ રહિત, જ્યોતિસ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું,
હું તે જ્યોતિ (સ્વરૂપ) સાથે એકરૂપ થાઉં છું. સ્વાહા ...

**ॐ आर्ध् ज्वलति ज्योतिरह्म् अस्मि ।**
**ज्योतिर ज्वलति ब्रह्मा अह अस्मि ।**
**यो अहं अस्मि ब्रह्मम् अस्ति।**
**अहमे वह्मा जुहोमि स्वाहा।**

મારા પ્રકાશ વલયમાં પ્રકાશતી સૌમ્ય જ્યોતિ હું છું.
આજે સૌમ્ય જ્યોતિ પ્રકાશી રહી છે તેજ બ્રહ્મ ચેતના સ્વરૂપ છે.
આ જે પ્રકાશમય ચેતનાનું અનાકલનીય સ્વરૂપ છે. તેવી જ હું બ્રહ્મ ચેતના છું.
હું નિશ્ચિત રીતે બ્રહ્મ ચેતના જ છું.
હું આ વિશ્વદેવ યજ્ઞની પ્રક્રિયામાં મને જ મારામાં હોમી રહ્યો છું.
**अहमे वाहमे जुहोमि स्वाहा।**

આ રીતે વિશ્વદેવ યજ્ઞની આંતરિક પ્રક્રિયાથી નિર્માણ થયેલા ભાવોને પોતાના સ્વરૂપમાં સ્થિર કર્યા પછી તેવા બ્રહ્મચેતના ના ભાવમાં જ લિન થઇ ને શાંતિમાં સ્થિર થઇ રહ્યો છું.

આ પ્રક્રિયાને શાંતિ મંત્રની પ્રક્રિયા કહે છે.

**ॐ द्यौः शान्तिरन्तरिक्षं शान्तिः**
**पृथिवी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः ।**
**वनस्पतयः शान्तिर्विश्वेदेवाः शान्तिर्ब्रह्म शान्तिः**
**सर्वं ॐ शान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ॥**
**[ॐ शान्तिः शान्तिः शान्तिः ॥]**

આ અંતરચક્ષુથી દેખાતો આ અસીમ પ્રકાશ મારામાં શાંતિ સીંચો,
આ મારુ તેજોવલય મારામાં શાંતિ સીચે.
આ મારુ ભૌતિક શરીર રૂપી પાર્થિવ તત્વ પૃથ્વી મારામાં શાંતિ સીંચે.
મારા શરીરની રક્તવાહિનીઓ માં વહેતા પોષોક દ્રવ્ય સ્વરૂપ રસાયણો (**वनस्पतय:**) મારામાં શાંતિ સીંચે.
આ સમગ્ર સૂર્ય માળાનું સંચાલન અને વિકાસ કરતી દિવ્ય શક્તિઓ સ્વરૂપ વિશ્વદેવો વિશ્વદેવા: મારામાં સ્વરૂપમાં શાંતિ સીંચે.
તે પરમ ચેતના સ્વરૂપ બ્રહ્મ તત્વ બ્રહ્મ મારા સ્વરૂપમાં શાંતિ સીંચે.
બ્રહ્માંડમાંના બધા જ સ્વરૂપ મારા સ્વરૂપમાં શાંતિ સીંચે. સર્વત્ર શાંતિનું જ રાજ સ્થિર થાઓ.
**शान्तिरेव शान्ति**

એવી અઘાડ, અડગ પ્રશાંતિ હે પ્રભુ મને નિરંતર પ્રાપ્ત થાઓ.

**"ॐ तत् सत् ब्रह्मार्पणम् अस्तु"।**

ॐ શાંતિ: શાંતિ: શાંતિ:

જે એનીરવચનીય (અનિર્વચનીય), અવર્ણીય છે તત્ત,
પણ છતાં અસ્તિત્વ ધરાવે છે તે સત
તેવા "ॐ" શબ્દથી વાચ્ય
"ॐ"
બ્રહ્મ તત્વને જ આ મારી પ્રજ્ઞા શક્તિને જાગૃત કરી
દિવ્ય શક્તિઓ ને ધારણ કરવાની પ્રકિયા સ્વરૂપ વિશ્વદેવ યજ્ઞનું ફળ અપર્ણ કરું છું.

**ब्रह्मार्पणं अस्तु।**

મારામાં ત્રિવિધ શાંતિ
શારીરિક, પ્રાણમય અને માનસિક ...પરમ ચેતના સ્વરૂપ ॐ માં સ્થિર થાઓ
"ॐ"